सत्यमेव जयते

# કામકાજનો ટૂંકો અહેવાલ
# પંદરમી ગુજરાત વિધાનસભા
# પાંચમું સત્ર

(તા.૨૧મી ઓગસ્ટ, ૨૦૨૪ થી તા.૨૩મી ઓગસ્ટ, ૨૦૨૪)



ગુજરાત વિધાનસભા સચિવાલય
વિઠ્ઠલભાઈ પટેલ ભવન,
ગાંધીનગર.
૨૦૨૪

सत्यमेव जयते

# કામકાજનો ટૂંકો અહેવાલ
# પંદરમી ગુજરાત વિધાનસભા
# પાંચમું સત્ર

## (તા.૨૧મી ઓગસ્ટ, ૨૦૨૪ થી તા.૨૩મી ઓગસ્ટ, ૨૦૨૪)




ગુજરાત વિધાનસભા સચિવાલય

વિઠ્ઠલભાઈ પટેલ ભવન,

ગાંધીનગર.

૨૦૨૪

HB-392-11-24-DTP-2

©

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

# <u>પ્રસ્તાવના</u>

આ પ્રકાશનમાં પંદરમી ગુજરાત વિધાનસભાના પાંચમા સત્ર (તા.૨૧/૦૮/૨૦૨૪ થી તા.૨૩/૦૮/૨૦૨૪) દરમિયાન થયેલા કામકાજની જુદી જુદી બાબતો અંગે ટૂંકી નોંધ આપવામાં આવી છે. શક્ય હોય ત્યાં આંકડાવાર માહિતી પણ આપી છે. આશા છે કે રસ ધરાવનાર સૌ કોઈને તે ઉપયોગી નિવડશે.

**ચેતન પંડ્યા**
**ઈન્ચાર્જ સચિવ**
**ગુજરાત વિધાનસભા.**

ગુજરાત વિધાનસભા સચિવાલય,
વિઠ્ઠલભાઇ પટેલ ભવન,
સેક્ટર નં. ૧૦,
ગાંધીનગર.
તારીખ : ૨૪/૧૦/૨૦૨૪

# અનુક્રમણિકા


| ક્રમાંક | વિષય | | પાના નંબર |
|---|---|---|---|
| ૧ | ૨ | | ૩ |
| ૧ | પંદરમી ગુજરાત વિધાનસભાના પાંચમા સત્ર (તા.૨૧મી ઓગસ્ટ, ૨૦૨૪ થી તા.૨૩મી ઓગસ્ટ, ૨૦૨૪) દરમિયાન થયેલ કામકાજનો ટૂંકો અહેવાલ | | ૧ |
| ૨ | પત્રક ક્રમાંક : ૧ | સત્ર દરમિયાન જુદા જુદા કામકાજે લીધેલો સમય અને ટકાવારી | ૧૬ |
| ૩ | પત્રક ક્રમાંક : ૨ | સત્ર દરમિયાન સભાગૃહની બેઠકોની તારીખ અને સમય | ૧૮ |
| ૪ | પત્રક ક્રમાંક : ૩ | સભ્યશ્રીઓએ વ્યક્તિગત રીતે આપેલ હાજરી | ૧૯ |
| ૫ | પત્રક ક્રમાંક : ૪ | સભ્યશ્રીઓની તારીખવાર હાજરી | ૩૦ |
| ૬ | પત્રક ક્રમાંક : ૫ | ટૂંકી મુદત, તારાંકિત, અતારાંકિત પ્રશ્નોની અને અરધા કલાકની સૂચનાઓનો નિકાલ (આંકડામાં) | ૩૧ |
| ૭ | પત્રક ક્રમાંક : ૬ | ટૂંકી મુદતના પ્રશ્નોની વિભાગવાર માહિતી (આંકડામાં) | ૩૨ |
| ૮ | પત્રક ક્રમાંક : ૭ | અતારાંકિત પ્રશ્નોની વિભાગવાર માહિતી (આંકડામાં) | ૩૪ |
| ૯ | પત્રક ક્રમાંક : ૮ | દાખલ કરવાનાં સરકારી વિધેયકો | ૩૭ |
| ૧૦ | પત્રક ક્રમાંક : ૯ | પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટેનાં સરકારી વિધેયકો | ૩૮ |

| ક્રમાંક | વિષય | | પાના નંબર |
|---|---|---|---|
| ૧ | ૨ | | ૩ |
| ૧૧ | પત્રક ક્રમાંક : ૧૦ | વટહુકમો અને તે બહાર પાડવા અંગેના નિવેદનો | ૪૦ |
| ૧૨ | પત્રક ક્રમાંક : ૧૧ | વટહુકમનું સ્થાન લેતું વિધેયક | ૪૧ |
| ૧૩ | પત્રક ક્રમાંક : ૧૨ | વૈધાનિક પ્રસ્તાવ (નિયમ-૧૦૦) | ૪૨ |
| ૧૪ | પત્રક ક્રમાંક : ૧૩ | રાષ્ટ્રપતિ/રાજ્યપાલશ્રીની અનુમતિ મળેલાં વિધેયકો | ૪૩ |
| ૧૫ | પત્રક ક્રમાંક : ૧૪ | ધ્યાન દોરતી સૂચનાઓ (નિયમ-૧૧૬) | ૪૪ |
| ૧૬ | પત્રક ક્રમાંક: ૧૫ | જાહેર અગત્યની બાબત પર મંત્રીશ્રીઓનાં નિવેદનો (નિયમ-૪૪) | ૪૫ |
| ૧૭ | પત્રક ક્રમાંક : ૧૬ | પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટે બાકી રહેતા બિન સરકારી વિધેયકો | ૪૬ |
| ૧૮ | પત્રક ક્રમાંક : ૧૭ | વિધાનસભાના મેજ ઉપર મૂકાયેલ કાગળો | ૪૭ |
| ૧૯ | પત્રક ક્રમાંક : ૧૮ | ખરેખર થયેલાં કામકાજ પ્રમાણેની સભાઓની તારીખવાર યાદી | ૫૧ |
| ૨૦ | પત્રક ક્રમાંક : ૧૯ | રોજેરોજના કામકાજનો સારાંશ | ૫૩ |
| ૨૧ | પત્રક ક્રમાંક : ૨૦ | સત્રમાં સભ્યશ્રીઓએ કેટલી વખત ચર્ચામાં ભાગ લીધો તેની સંખ્યા દર્શાવતું પત્રક | ૬૯ |
| ૨૨ | પત્રક ક્રમાંક : ૨૧ | શોકદર્શક ઉલ્લેખ | ૭૪ |

# <u>પંદરમી ગુજરાત વિધાનસભાના પાંચમા સત્રમાં થયેલા કામકાજનો ટૂંકો અહેવાલ</u>

**પ્રારંભિક**:-

પંદરમી ગુજરાત વિધાનસભાનું પાંચમું સત્ર **બુધવાર, તા.૨૧/૦૮/૨૦૨૪** ના રોજ મળ્યુ હતું અને **શુક્રવાર, તા.૨૩/૦૮/૨૦૨૪**ના રોજ વિધાનસભાના નિયમોના નિયમ ૯(૧) હેઠળ અચોક્કસ મુદત માટે મુલતવી રહ્યું હતું. સત્ર દરમિયાન વિધાનસભા કુલ ૩(ત્રણ) દિવસો માટે મળી હતી અને તેમાં કુલ ૩(ત્રણ) બેઠકો થઇ હતી. સત્ર દરમિયાન વિધાનસભાએ કુલ ૧૬ કલાક અને ૫૦ મિનિટ કામ કર્યું હતું. જે બેઠક દીઠ સરેરાશ સમય આશરે ૫ કલાક અને ૩૭ મિનિટ થાય છે.

**૧.** સત્ર દરમિયાન પ્રશ્નોત્તરી, સરકારી વિધેયકો, સરકારી પ્રસ્તાવો, સરકારી સંકલ્પ તેમજ અન્ય કામકાજમાં થયેલ સમય અને તેની ટકાવારી **પત્રક ક્રમાંક:- ૧**માં આપવામાં આવી છે.

**૨. ગૃહની બેઠકોની તારીખ અને સમય:-**

ગૃહની બેઠકોની તારીખ અને સમય અંગેની માહિતી **પત્રક ક્રમાંક:- ૨**માં આપવામાં આવેલ છે.

**૩. હાજરી:-**

પંદરમી ગુજરાત વિધાનસભાના પાંચમા સત્ર દરમિયાન સભાગૃહની કુલ ૩(ત્રણ) બેઠકો મળી હતી. જેમાં સભ્યશ્રીઓની વધારેમાં વધારે હાજરી ૧૪૪ અને ઓછામાં ઓછી હાજરી ૧૩૮ રહી હતી જ્યારે સરેરાશ હાજરી ૧૪૧ રહી હતી. સત્ર દરમિયાન સભ્યશ્રીઓએ આપેલી વ્યકિતગત હાજરીની માહિતી **પત્રક ક્રમાંક:- ૩**માં અને તારીખવાર હાજરી અંગેની માહિતી **પત્રક ક્રમાંક:- ૪**માં આપવામાં આવી છે.

## ૪. ટૂંકી મુદતના, તારાંકિત અને અતારાંકિત પ્રશ્નો:-

સત્ર દરમિયાન તા.૨૧/૦૮/૨૦૨૪ થી તા.૨૩/૦૮/૨૦૨૪ સુધી એટલે કે કુલ ત્રણ દિવસ માટે ટૂંકી મુદતના પ્રશ્નો પૂછવા જણાવવામાં આવેલ હતું.

સત્ર દરમિયાન ટૂંકી મુદતના પ્રશ્નોની કુલ ૮૨ સૂચના મળેલ હતી અને કુલ ૧૧ ટૂંકી મુદતના પ્રશ્નો ગૃહમાં રજૂ કરવામાં આવ્યા. અતારાંકિત પ્રશ્નોની કુલ ૩ સૂચના મળી હતી. ઉક્ત સૂચનાઓનો નિકાલ કેવી રીતે કરવામાં આવ્યો તેની વિગતો (**પત્રક ક્રમાંક-૫, ૬ અને ૭**)માં આપવામાં આવી છે.

નિયમ-૮૭(ક)અન્વયે સત્રના છેલ્લા દિવસે કુલ ૮૭(સત્યાસી) અતારાંકિત પ્રશ્નો અને તેના જવાબો ગૃહના મેજ ઉપર મૂક્વામાં આવ્યા હતાં.

## ૫. સરકારી વિધેયકો:-

### ૧. દાખલ કરવામાં આવેલાં સરકારી વિધેયકો

સત્ર દરમિયાન કુલ ૦૫ સરકારી વિધેયકો દાખલ કરવામાં આવ્યાં હતાં. (**પત્રક ક્રમાંક:- ૮**)

### ૨. પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટેનાં સરકારી વિધેયકો

સત્ર દરમિયાન કુલ ૦૫ સરકારી વિધેયકો પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટે હાથ ધરવામાં આવ્યાં હતાં. (**પત્રક ક્રમાંક:- ૯**)

### ૩. વિધેયકોનું વર્ગીકરણ

| | | |
|---|---|---|
| (૧) | ગુજરાત રાજયના અમલી કાયદાને સુધારતા વિધેયકો | ૦૩ |
| (૨) | નવા વિધેયકો | ૦૨ |
| (૩) | અન્ય વિધેયકો | ૦૦ |

## ૪. વિધેયકોનું વિષયવાર વર્ગીકરણ

| | | |
|---|---|---|
| (૧) | નાણાકીય બાબતોને લગતા વિધેયકો | ૦૧ |
| (૨) | જાહેર સેવાને લગતા વિધેયકો | ૦૨ |
| (૩) | શિક્ષણને લગતા વિધેયકો | ૦૧ |
| (૪) | અન્ય વિધેયકો | ૦૧ |

## ૬. વટહુકમો અને નિવેદનો :-

સન ૨૦૨૪ના વટહુકમ ક્રમાંકો-૧ અને ૨ તથા આ વટહુકમોને બહાર પાડવા અંગેનાં સંજોગો સમજાવતાં નિવેદનો તા.૨૧/૦૮/૨૦૨૪ના રોજ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા હતાં. (**પત્રક ક્રમાંક:- ૧૦**)

## ૭. વટહુકમનું સ્થાન લેતાં વિધેયકો :-

સન ૨૦૨૪ના વટહુકમ ક્રમાંક-૧નું સ્થાન લેતા વિધેયકની સૂચના પ્રભારી મંત્રીશ્રીએ પરત ખેંચી લીધી હતી તથા સન ૨૦૨૪ના વટહુકમ ક્રમાંક-૨નું સ્થાન લેતું વિધેયક પંદરમી ગુજરાત વિધાનસભાના પાંચમા સત્રમાં પસાર કરવામાં આવ્યું. (**પત્રક ક્રમાંક:- ૧૧**)

## ૮. વૈધાનિક પ્રસ્તાવો (નિયમ-૧૦૦) :-

માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી મુળુભાઈ બેરાનો ભારતના બંધારણના અનુચ્છેદ-૨૫૨(૧) અન્વયેનો 'પાણી (પ્રદૂષણ નિવારણ અને નિયંત્રણ) સુધારા અધિનિયમ, ૨૦૨૪'નો ગુજરાત રાજ્યમાં અમલ કરવા બાબતનો વૈધાનિક પ્રસ્તાવ તા.૨૨/૦૮/૨૦૨૪ના રોજ સભાગૃહમાં રજૂ કરવામાં આવ્યો હતો અને ચર્ચાના અંતે પસાર કર્યો હતો. (**પત્રક ક્રમાંક:- ૧૨**)

## ૯. સભાગૃહના મેજ ઉપર મૂકાયેલાં રાષ્ટ્રપતિશ્રી/રાજ્યપાલશ્રીની અનુમતિવાળા વિધેયકો :-

પંદરમી ગુજરાત વિધાનસભાના ચોથા સત્રમાં વિધાનસભાએ પસાર કરેલ અને જેને રાજ્યપાલશ્રીની અનુમતિ મળી છે તેવાં સન

૨૦૨૪નાં વિધેયક ક્રમાંક-૫, ૭, ૮ અને ૯ વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં આવ્યા હતાં. (**પત્રક ક્રમાંકઃ- ૧૩**)

## ૧૦. છેલ્લા દિવસનો પ્રસ્તાવ (નિયમ-૧૦૨) :-

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૧૦૨ હેઠળ છેલ્લા દિવસનો પ્રસ્તાવ રજૂ કરવાની ઈચ્છા વ્યક્ત કરતી કુલ-૧૦૭ સૂચનાઓ મળી હતી. આવી સૂચનાઓ આપનાર સભ્યશ્રીઓના નામનું બેલેટ શુક્રવાર, તા.૧૬/૦૮/૨૦૨૪ના રોજ યોજવામાં આવ્યુ હતું. બેલેટમાં પ્રથમ ક્રમે આવેલ **માનનીય સભ્યશ્રી અમીત ચાવડાએ Collection of statistics Act, 2008 હેઠળ "રાજ્યમાં સામાજિક-આર્થિક ગણતરી"** અંગેના પ્રસ્તાવની સૂચના આપી હતી, જે દાખલ કરવામાં આવી હતી. ઉક્ત પ્રસ્તાવ પર સત્રના છેલ્લા દિવસે એટલે કે તા.૨૩/૦૮/૨૦૨૪ના રોજ સભાગૃહમાં ચર્ચા હાથ ધરવામાં આવી હતી.

## ૧૧. ધ્યાન દોરતી સૂચના (નિયમ-૧૧૬):-

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૧૧૬ હેઠળ તાકીદની જાહેર અગત્યની બાબત પર મંત્રીશ્રીનું ધ્યાન દોરવા અંગેની કુલ-૧૫ સૂચનાઓ મળી હતી. તેમાંથી ૦૮ (એકત્રિત કરતા-૦૩) સૂચનાઓ દાખલ કરવામાં આવી હતી. (**પત્રક ક્રમાંકઃ- ૧૪**) અને તે પૈકીની ૦૭ સૂચનાઓ નામંજૂર કરવામાં આવી હતી. એકત્રિત કરીને દાખલ કરેલ કુલ-૦૩ સૂચનાઓ પૈકી ૦૨(બે) સૂચનાઓ પર સબંધિત મંત્રીશ્રીઓ દ્વારા ગૃહમાં નિવેદનો રજૂ કરવામાં આવ્યા હતા.

## ૧૨. નિયમ-૪૪ હેઠળ જાહેર અગત્યની બાબતો પર મંત્રીશ્રીઓનાં નિવેદન:-

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૪૪ હેઠળ જાહેર અગત્યની બાબત પર સત્ર દરમિયાન સંબંધિત મંત્રીશ્રીઓ દ્વારા કુલ-૦૨ નિવેદનો સભાગૃહમાં રજૂ કરવામાં આવ્યા હતા. (**પત્રક ક્રમાંકઃ- ૧૫**)

## ૧૩. સરકારી સંકલ્પ (નિયમ-૧૨૦):-

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૧૨૦ અન્વયે સત્ર દરમિયાન **માનનીય મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલનો "સતત ત્રીજા કાર્યકાળ માટે દેશના વડાપ્રધાન પદનું સુકાન સંભાળનાર આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીને અભિનંદન આપવા"** અંગેના સરકારી સંકલ્પ પર બુધવાર, તા.૨૧/૦૮/૨૦૨૪ના રોજ સભાગૃહમાં ચર્ચા થયા બાદ સભાગૃહ દ્વારા તેનો સ્વીકાર કરવામાં આવ્યો હતો.

## ૧૪. બિન-સરકારી વિધેયકો:-

### પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટેનાં બિન-સરકારી વિધેયકો

સત્રમાં બિન-સરકારી કામકાજ માટે કોઇ દિવસ ફાળવવામાં આવેલ ન હોવાથી અગાઉના ચોથા સત્ર દરમિયાન સમયના અભાવે હાથ ધરી શકાયાં ન હતાં તેવાં કુલ-૦૬ બિન-સરકારી વિધેયકો પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટે હાથ ધરવાનાં બાકી રહ્યાં હતાં. (**પત્રક ક્રમાંક:- ૧૬**)

## ૧૫. પોઇન્ટ ઓફ ઓર્ડર:-

સત્ર દરમિયાન તા.૨૩/૦૮/૨૦૨૪ના રોજ સભાગૃહમાં ૦૧ (એક) પોઇન્ટ ઓફ ઓર્ડર ઉઠાવવામાં આવેલ હતો.

કોંગ્રેસ પક્ષના નેતાશ્રી અમીત ચાવડાના છેલ્લા દિવસના પ્રસ્તાવ પર સભ્યશ્રી અર્જુનભાઇ મોઢવાડીયાએ પોઇન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કરી માનનીય અધ્યક્ષશ્રીનું માર્ગદર્શન માગ્યું હતું.

સભ્યશ્રી મોઢવાડીયાએ રજૂ કરેલ બાબત છેલ્લા દિવસના પ્રસ્તાવ અંગેની હોઇ ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૯૭ ના પેટા નિયમ-(૧)ની જોગવાઇ જોતા સભ્યશ્રી મોઢવાડીયાએ ઉપસ્થિત કરેલ બાબત ગૃહનું ધ્યાન દોરવા પૂરતું બરાબર છે તેમ જણાવી માનનીય અધ્યક્ષશ્રીએ આમાં કોઇ પોઇન્ટ ઓફ ઓર્ડર રહેતો નથી તેમ જણાવી આ બાબતને હકારાત્મક લઇ ચર્ચા કરવા ઠરાવ્યું હતું.

## ૧૬. યાદગાર બનાવો:-

### ૧. માનનીય મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલનો નિયમ-૧૨૦નો સંકલ્પ

પંદરમી ગુજરાત વિધાનસભાના પાંચમા સત્રના તા.૨૧/૦૮/૨૦૨૪ના રોજ **માનનીય મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલે** તાજેતરની લોકસભાની સામાન્ય ચૂંટણીમાં ભારતના નાગરિકોએ શ્રી નરેન્દ્રભાઇ મોદીજીને ભારતના પ્રધાનમંત્રી તરીકે ત્રીજી વખત દેશનું સુકાન સોંપ્યું અને તેમના નેતૃત્વમાં ટીમ મોદી સરકારના ત્રીજા અમૃતકાળમાં ભારત અનેક નવી સિદ્ધિઓ હાંસલ કરશે અને વિકસિત ભારતના લક્ષ્ય તરફ ઊંચી ઉડાન ભરશે અને વર્ષ ૨૦૪૭માં ભારતને વિકસિત ભારત બનાવવા માટે વિકસિત ગુજરાતના સ્વપ્નને સાકાર કરવા પુનઃ એકવાર પ્રધાનમંત્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબને ત્રીજા યશસ્વી કાર્યકાળ માટે અભિનંદન પાઠવતો સંકલ્પ રજૂ કર્યો હતો. ત્યારબાદ સંકલ્પ મત માટે મૂકવામાં આવ્યો હતો અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો હતો.

### ૨. સભ્યશ્રી અમીત ચાવડાનો છેલ્લા દિવસનો પ્રસ્તાવ

કોંગ્રેસ પક્ષના નેતા શ્રી અમીત ચાવડાએ ''રાજ્યમાં દિન-પ્રતિદિન સામાજિક-આર્થિક અસમાનતા અને જાતિ આધારિત ભેદભાવ વધી રહ્યા હોવાથી રાજ્યમાં જાતિ આધારિત વસ્તી ગણતરી વગર સંશાધનોનું ન્યાયિક/સમાન વિતરણ શકય ન હોવાથી અને નામદાર સુપ્રીમ કોર્ટે પણ રાજ્યોને અન્ય પછાત વર્ગોની ગણતરી કરવા ભલામણ કરેલ છે અને Collection of Statistics Act-2008 મુજબ રાજ્ય સરકારને જરૂરી ગણતરી કરી આંકડા એકઠા કરવાની સત્તા હોઇ રાજ્ય સરકાર સત્વરે સામાજિક-આર્થિક ગણતરી કરાવે તે અંગે આ સભાગૃહમાં ચર્ચા-વિચારણા કરવા બાબતનો પ્રસ્તાવ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યક્ત કર્યું હતું.

## ૧૭. સભાગૃહમાં અવમાનના કિસ્સા

### (૧) ગૃહમાં દેખાવો, સભાત્યાગ તેમજ ગૃહની કાર્યવાહીમાંથી સસ્પેન્ડ કરવા બાબત

તા. ૨૨/૦૮/૨૦૨૪ના રોજ ટૂંકી મુદતના પ્રશ્નોની ચર્ચા શરૂ થાય તે પહેલાં ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ(ભા.રા.કો)ના નેતાશ્રી અમીત ચાવડાએ તેમના પક્ષના સભ્યો દ્વારા પૂછવામાં આવેલ ટૂંકી મુદતના પ્રશ્નો નામંજૂર કરવા અંગે અને તે પ્રશ્નો દાખલ કરવાની માગણી સંબંધે પોઇન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કરેલ હતો. તે સમયે માનનીય અધ્યક્ષશ્રીએ તેઓને પ્રશ્નોત્તરી કાળ દરમિયાન પોઇન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કરી શકાય નહી તેમ જણાવેલ અને તેમની રજૂઆત ટૂંકી મુદતના પ્રશ્નોની ચર્ચા પૂર્ણ થયા બાદ કરવા વિનંતી કરેલ. તેમ છતાં ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ પક્ષના હાજર સભ્યોએ પોતાની જગ્યા ઉપર ઊભા થઇને પ્લેકાર્ડ દર્શાવી ગૃહની કાર્યવાહીમાં સતત ખલેલ પહોંચાડેલ હતી. ત્યારબાદ માનનીય અધ્યક્ષશ્રીએ વિરોધ કરનારા તમામ સભ્યશ્રીઓને બેસી જવાની વારંવાર વિનંતી કરેલ હતી અને પ્રશ્નોત્તરીકાળ ચાલુ હોવા છતાં ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ પક્ષના નેતાશ્રી અમીત ચાવડા તથા સભ્યશ્રી શૈલેષભાઇ પરમારને તેમનો પક્ષ રજૂ કરવાની તક આપેલ હતી. માનનીય સભ્યશ્રી રમણલાલ વોરાએ કોંગ્રેસ પક્ષના નેતાશ્રી અમીત ચાવડાની રજૂઆત ગૃહની પરંપરા અને પ્રણાલિકા મુજબ અસ્થાને હોવાનું જણાવેલ હતું. ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ પક્ષના સભ્યોએ કરેલ રજૂઆતના અનુસંધાને માનનીય પ્રભારી મંત્રીશ્રી(મહેસૂલ) શ્રી બળવંતસિંહ રાજપૂત દ્વારા જરૂરી સ્પષ્ટતા કરવામાં આવેલ હતી. માનનીય અધ્યક્ષશ્રીએ પણ ટૂંકી મુદતના પ્રશ્નો અંગે ગુજરાત વિધાનસભાના કામકાજના નિયમો મુજબ ટૂંકી મુદતના પ્રશ્નનો જવાબ આપવા માટે માનનીય મંત્રીશ્રીની સહમતિ અનિવાર્ય હોઇ માનનીય મંત્રીશ્રીને જવાબ આપવા માટે ફરજ પાડી શકાય નહિં તેમ જણાવેલ. તેમ છતાં ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ(ભા.રા.કો.) પક્ષના હાજર રહેલ સભ્યશ્રીઓએ જગ્યા પર ઊભા રહીને સતત સૂત્રોચ્ચાર કરી પ્લેકાર્ડ સાથે

દેખાવો ચાલુ રાખતા માનનીય અધ્યક્ષશ્રીએ તેમને બેસી જવાની વારંવાર વિનંતી કરેલ હતી. તેમ છતાં વિરોધ કરનાર ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ (ભા.રા.કો) પક્ષના સભ્યોએ સૂત્રોચ્ચાર સાથે દેખાવો ચાલુ રાખેલ અને સભાગૃહનો ત્યાગ કર્યો હતો. ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ(ભા.રા.કો) પક્ષના સભ્યોની આ પ્રકારની વર્તણૂંકને ધ્યાને લઇ માનનીય સંસદીય અને વૈધાનિક બાબતોના મંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલે ગૃહની કાર્યવાહી દરમિયાન પ્લેકાર્ડ દર્શાવીને ખલેલ પહોંચાડવા તથા માનનીય અધ્યક્ષશ્રીની આ પ્રકારની વર્તણૂંક નહી કરવાની વારંવારની સૂચનાઓનો અનાદર કરીને વોકઆઉટ કરનાર કોંગ્રેસ પક્ષના સભ્યશ્રીઓને સભાગૃહની તે દિવસની કાર્યવાહીમાંથી સસ્પેન્ડ કરવાનો પ્રસ્તાવ સભાગૃહ સમક્ષ રજૂ કર્યો હતો. જેને માનનીય ગૃહ મંત્રીશ્રી(રાજયકક્ષા) શ્રી હર્ષ સંઘવીએ ટેકો આપતા માનનીય અધ્યક્ષશ્રીએ આ પ્રસ્તાવ ગૃહના મત માટે મૂકયો હતો. સભાગૃહમાં આ પ્રસ્તાવનો સ્વીકાર થતાં માનનીય અધ્યક્ષશ્રીએ ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૫૨ અન્વયે ગૃહમાં હાજર અને વિરોધ કરી રહેલા કોંગ્રેસ પક્ષના સભ્યોને નેઇમ કરીને તે દિવસની સભાગૃહની કાર્યવાહીમાંથી સસ્પેન્ડ કરેલ હતા.

## (૨) તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત તેમજ સભ્યશ્રીને ગૃહની કાર્યવાહીમાંથી દૂર કરવા અંગે

સભાગૃહમાં તા.૨૩/૦૮/૨૦૨૪ના રોજ તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ-૧૧૬)ની ચર્ચા દરમિયાન માનનીય ગૃહ મંત્રીશ્રી(રાજયકક્ષા) શ્રી હર્ષ સંઘવી દ્વારા ઉકત બાબત કે જે રાજયના સમગ્ર યુવાધનને સ્પર્શતી હોઇ તેની રાજનૈતિક દ્રષ્ટિકોણ વગર સાથી પક્ષના સભ્યોને પણ પૂરતો સમય આપી ચર્ચા કરવા તથા આ ચર્ચા લાઇવ કરવા માટે માનનીય અધ્યક્ષશ્રીને વિનંતી કરેલ હતી જેના અનુસંધાને માનનીય અધ્યક્ષશ્રીએ જણાવ્યું હતું કે વિધાનસભા ગૃહની બાબત લાઇવ કરવી જોઇએ કે કેમ તે અંગે માનનીય મંત્રીશ્રી તથા કોઇ સભ્યશ્રી તેઓને સૂચન કરી શકે છે પણ ગૃહની કાર્યવાહીનું પ્રસારણ કઇ

રીતે કરવું તે અધ્યક્ષશ્રીના કાર્યક્ષેત્રની બાબત બને છે. આ ચર્ચા દરમિયાન સભ્યશ્રી  જીજ્ઞેશ મેવાણી દ્વારા પોતાની જગ્યા પર ઊભા થઇને અન્ય એક ઘટનાનો ઉલ્લેખ કરીને તે બાબતની ચર્ચા લાઇવ કરવા પડકાર ફેંકયો હતો. માનનીય અધ્યક્ષશ્રીએ સભ્યશ્રીને આ રીતે વાત ન કરવા જણાવ્યું હતું અને સભ્યશ્રી જીજ્ઞેશ મેવાણી તથા કોંગ્રેસ પક્ષના સભ્યોને પોતાની જગ્યા પર બેસી જવા વારંવાર વિનંતી કરેલ હતી તે દરમિયાન સભ્યશ્રી જીજ્ઞેશ મેવાણી વેલમાં ઘસી આવેલ હતા અને મોટેથી બોલી રહયા હતા તે દરમિયાન શાસકપક્ષ તથા સાથી પક્ષના બધા સભ્યો પોતાની જગ્યા પર ઊભા થઇ ગયેલ જેથી માનનીય અધ્યક્ષશ્રીએ તમામ સભ્યોને બેસી જવા માટે ફરીથી વિનંતી કરેલ હતી આથી શાસક પક્ષના સભ્યશ્રીઓ પોતાની જગ્યા પર બેસી ગયા હતા. પરંતુ  કોંગ્રેસ પક્ષના સભ્યો ઊભા હોઇ માનનીય અધ્યક્ષશ્રીએ કોંગ્રેસ પક્ષના નેતાશ્રી અમીત ચાવડાને તેમના પક્ષના સભ્યોને પોતાની જગ્યા ઉપર બેસવા સૂચના આપવા જણાવ્યું હતું. ત્યારબાદ કોંગ્રેસ પક્ષના સભ્યોએ પોતાની જગ્યા પર બેઠા બેઠા મોટેથી સૂત્રોચ્ચાર કરતા હોઇ ફરીથી માનનીય અધ્યક્ષશ્રીએ અધ્યક્ષશ્રીના અધિકારોની બાબતમાં ન બોલવા અને ગૃહની કાર્યવાહી વિધાનસભાના નિયમો પ્રમાણે જ ચાલશે તેમ જણાવેલ હતું તે દરમિયાન સભ્યશ્રી જીજ્ઞેશ મેવાણી ઊભા થઇને મોટેથી બોલવા લાગ્યા આથી માનનીય અધ્યક્ષશ્રીએ તેઓને નિયમોનું પાલન કરવા તથા ડૉ.બાબાસાહેબ આંબેડકર રચિત બંધારણને માન-સન્માન આપવા જણાવ્યું હતું અને બંધારણ અને નિયમોને માન-સન્માન આપવાની સૌ સભ્યશ્રીઓની જવાબદારી હોઇ બંધારણનું અપમાન કરી શકાય નહિં તેમ જણાવેલ હતું. આ દરમિયાન સભ્યશ્રી જીજ્ઞેશ મેવાણી ફરીથી પોતાની જગ્યા પર ઊભા થઇ ગયેલ હોઇ માનનીય અધ્યક્ષશ્રીએ તેઓને બંધારણને બાજુ પર મૂકી આ રીતે નિયમોના વિરુદ્ધમાં વર્તાવ ન કરવા અને બેસી જવા પુનઃવિનંતી કરેલ તેમ છતાં સભ્યશ્રી જીજ્ઞેશ મેવાણી ફરીથી વેલમાં આવી ગયા હોઇ માનનીય અધ્યક્ષશ્રીએ

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૫૧ અન્વયે સભ્યશ્રી જીજ્ઞેશ મેવાણીને સભાગૃહની તે દિવસની કાર્યવાહીમાંથી દૂર કર્યા હતા.

## ૧૮. સભ્યશ્રીઓના રાજીનામા અંગે માનનીય અધ્યક્ષશ્રીની જાહેરાત.

માનનીય અધ્યક્ષશ્રીએ ૮૩-પોરબંદર મતવિસ્તારમાંથી ચૂંટાઈને આવેલા ગુજરાત વિધાનસભાના સભ્યશ્રી અર્જુનભાઇ મોઢવાડીયાએ તા.૦૪/૦૩/૨૦૨૪ના રોજ બપોર બાદ, ૮૫-માણાવદર મતવિસ્તારમાંથી ચૂંટાઈને આવેલા ગુજરાત વિધાનસભાના સભ્યશ્રી અરવિંદભાઇ લાડાણીએ તા.૦૬/૦૩/૨૦૨૪ના રોજ બપોર બાદ અને ૭-વાવ મતવિસ્તારમાંથી ચૂંટાઈને આવેલા ગુજરાત વિધાનસભાના સભ્ય ગેનીબેન ઠાકોરે તા.૧૩/૦૬/૨૦૨૪ના રોજ બપોર બાદ સભ્યપદેથી આપેલ રાજીનામાનો સ્વીકાર કર્યો હતો. ત્યારબાદ સભ્યશ્રી અર્જુનભાઇ મોઢવાડીયા તેમજ સભ્યશ્રી અરવિંદભાઇ લાડાણી પેટાચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીમાંથી સભ્યપદે ચૂંટાઇ આવેલ છે. તેની તા.૨૧/૦૮/૨૦૨૪ના રોજ સભાગૃહમાં જાહેરાત કરી હતી.

## ૧૯. જાહેર હિસાબ સમિતિ ઉપર ખાલી પડેલ બે સભ્યો અને પંચાયતી રાજ સમિતિ ઉપર ખાલી પડેલ એક સભ્યની ચૂંટણી માટેના કાર્યક્રમની જાહેરાત.

માનનીય અધ્યક્ષશ્રીએ જાહેર હિસાબ સમિતિ ઉપર ખાલી પડેલ બે સભ્યો અને પંચાયતી રાજ સમિતિ ઉપર ખાલી પડેલ એક સભ્યની ચૂંટણી માટેના કાર્યક્રમની તા.૨૨/૦૮/૨૦૨૪ના રોજ સભાગૃહમાં જાહેરાત કરી હતી.

## ૨૦. સમિતિની બેઠકો:-

| ક્રમ | સમિતિનું નામ | બેઠકોની તારીખ |
|---|---|---|
| ૧ | કામકાજ સલાહકાર સમિતિ | ૨૦/૦૮/૨૦૨૪ |
| ૨ | જાહેર હિસાબ સમિતિ | ૨૧/૦૮/૨૦૨૪ |

| ક્રમ | સમિતિનું નામ | બેઠકોની તારીખ |
|---|---|---|
| ૩ | ગૌણ વિધાન સમિતિ | ૨૧/૦૮/૨૦૨૪ |
| ૪ | અનુસૂચિત જાતિઓના કલ્યાણ માટેની સમિતિ | ૨૧/૦૮/૨૦૨૪ |
| ૫ | અનુસૂચિત જનજાતિઓના કલ્યાણ માટેની સમિતિ | ૨૧/૦૮/૨૦૨૪ |
| ૬ | સભાગૃહની બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિ | ૨૧/૦૮/૨૦૨૪ |

**૨૧. સભાગૃહમાં રજૂ થયેલા/ચર્ચાયેલા ગૃહની સમિતિના અહેવાલો:-**

| ક્રમ | સમિતિ | અહેવાલ | અહેવાલ રજૂ થયા તારીખ | ચર્ચાયા તારીખ |
|---|---|---|---|---|
| ૧ | કામકાજ સલાહકાર સમિતિ | સાતમો અહેવાલ | ૨૧/૦૮/૨૦૨૪ | ૨૧/૦૮/૨૦૨૪ |
| ૨ | જાહેર હિસાબ સમિતિ | બીજો અહેવાલ | ૨૩/૦૮/૨૦૨૪ | --- |
| ૩ | અંદાજ સમિતિ | ચોથો અહેવાલ | ૨૨/૦૮/૨૦૨૪ | --- |
| ૪ | જાહેર સાહસો માટેની સમિતિ | ચોથો અહેવાલ | ૨૨/૦૮/૨૦૨૪ | --- |
| ૫ | ગૌણ વિધાન સમિતિ | પ્રથમ અહેવાલ | ૨૩/૦૮/૨૦૨૪ | --- |
| ૬ | અનુસૂચિત જાતિઓના કલ્યાણ માટેની સમિતિ | ત્રીજો અહેવાલ | ૨૩/૦૮/૨૦૨૪ | --- |
| ૭ | અનુસૂચિત જનજાતિઓના | પ્રથમ અહેવાલ | ૨૧/૦૮/૨૦૨૪ | --- |

| ક્રમ | સમિતિ | અહેવાલ | અહેવાલ રજૂ થયા તારીખ | ચર્ચાયા તારીખ |
|---|---|---|---|---|
| | કલ્યાણ માટેની સમિતિ | બીજો અહેવાલ | ૨૩/૦૮/૨૦૨૪ | --- |
| ૮ | સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગોના કલ્યાણ માટેની સમિતિ | પ્રથમ અહેવાલ | ૨૨/૦૮/૨૦૨૪ | --- |
| ૯ | સભાગૃહની બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિ | બીજો અહેવાલ | ૨૩/૦૮/૨૦૨૪ | ૨૩/૦૮/૨૦૨૪ |

**૨૨. વિધાનસભાના મેજ ઉપર મૂકાયેલા કાગળો (અધિસૂચનાઓ/અહેવાલો સિવાય):-**

| અ. નં. | વિગત | મેજ ઉપર મૂકયા તારીખ |
|---|---|---|
| ૧. | ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડીટર જનરલના સન ૨૦૨૨-૨૩ના વર્ષના રાજ્યની નાણાકીય પરિસ્થિતિ પરનો ઓડીટ અહેવાલ (અંગ્રેજી અને ગુજરાતી) | ૨૩/૦૮/૨૦૨૪ |
| ૨. | ગુજરાત સરકારના સન ૨૦૨૨-૨૩ના વર્ષનો રાજ્યની નાણાકીય પરિસ્થિતિ પરનો ઓડિટ અહેવાલ (અંગ્રેજી તથા ગુજરાતી) | ૨૩/૦૮/૨૦૨૪ |

## ૨૩. વિધાનસભાના મેજ ઉપર મૂકાયેલા કાગળો:-

ભારતના બંધારણ તથા પ્રવર્તમાન કાયદાની જોગવાઈઓ અન્વયે સરકારી કંપની, બોર્ડ/કોર્પોરેશનના કુલ ૩૦ અહેવાલો (**પત્રક ક્રમાંક:- ૧૭**), ૦૧ બાંહેધરી પત્રક તથા ૦૧ સરકારી અધિસૂચના સત્ર દરમિયાન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી હતી.

## ૨૪. વિધાનસભામાં પક્ષવાર પરિસ્થિતિ:-

પંદરમી ગુજરાત વિધાનસભાના સભ્યોની તા.૨૩/૦૮/૨૦૨૪ની સ્થિતિએ પક્ષવાર પરિસ્થિતિ નીચે મુજબ છે.

| અ.નં. | પક્ષનું નામ | સભ્ય સંખ્યા |
|---|---|---|
| ૧. | ભારતીય જનતા પક્ષ | ૧૬૧ |
| ૨. | ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ | ૧૨ |
| ૩. | આમ આદમી પાર્ટી | ૦૪ |
| ૪. | સમાજવાદી પાર્ટી | ૦૧ |
| ૫. | અપક્ષ | ૦૨ |
| ૬. | ખાલી | ૦૨ |
| | **કુલ** | **૧૮૨** |

## ૨૫. ખરેખર થયેલ કામકાજ પ્રમાણેની સભાઓની તારીખવાર યાદી:-

સત્ર દરમિયાન ખરેખર કામકાજ થયા પ્રમાણે સભાઓની તારીખવાર યાદી **પત્રક ક્રમાંક:- ૧૮**માં આપવામાં આવી છે.

## ૨૬. રોજેરોજના કામકાજનો સારાંશ:-

સત્ર દરમિયાન વિધાનસભાએ કરેલા રોજેરોજના કામકાજનો સારાંશ **પત્રક ક્રમાક:- ૧૯**માં દર્શાવેલ છે.

## ૨૭. વિધાનસભાની ચર્ચામાં જુદા જુદા સભ્યોનો ફાળો:-

સત્ર દરમિયાન સભ્યશ્રીઓએ જુદા જુદા કામકાજની ચર્ચામાં કેટલી વખત ભાગ લીધો તે અંગેની વિગતો **પત્રક ક્રમાંક:- ૨૦**માં દર્શાવવામાં આવી છે.

**૨૮. શોકદર્શક ઉલ્લેખ:-**

સત્ર દરમિયાન કુલ ૦૯(નવ) મહાનુભાવોના અવસાન અંગે શોકદર્શક ઉલ્લેખ કરવામાં આવ્યા હતા. (**પત્રક ક્રમાંક:- ૨૧**)

**૨૯. સભાત્યાગ:-**

સત્ર દરમિયાન સભાત્યાગનો ૦૧(એક) કિસ્સો બનેલ.

**(૧) તા.૨૨/૦૮/૨૦૨૪**

તા.૨૨/૦૮/૨૦૨૪ની પ્રશ્નોત્તરીના ટૂંકી મુદતના પ્રશ્ન ક્રમાંક-૮ની ચર્ચાની શરૂઆત થતા માનનીય કોંગ્રેસ પક્ષના નેતાશ્રી અમીત ચાવડા દ્વારા કોંગ્રેસ પક્ષના સભ્યશ્રીનો ટૂંકી મુદતનો પ્રશ્ન રદ કરવા સંબંધે અને કોંગ્રેસ પક્ષના સભ્યશ્રીઓના પ્રશ્નો દાખલ કરવામાં આવતા ન હોવા અંગેનો મુદ્દો ઉઠાવતા, માનનીય અધ્યક્ષશ્રીએ ટૂંકી મુદતમાં પ્રશ્નો વિધાનસભાના નિયમો પ્રમાણે માનનીય મંત્રીશ્રીની સંમતિ હોય તો જ દાખલ થઇ શકે છે તે રીતની નિયમોમાં જોગવાઇ હોવાનું જણાવ્યું.

ત્યારબાદ સભ્યશ્રી રમણલાલ વોરા, કોંગ્રેસ પક્ષના સભ્યશ્રી શૈલેષ પરમાર અને મંત્રીશ્રી બલવંતસિંહ રાજપૂતે પ્રશ્નો અંગેનાં પોતાના મંતવ્ય વ્યક્ત કર્યા.

આ તબક્કે કોંગ્રેસ પક્ષના સભ્યશ્રીઓ દ્વારા પોતાના સ્થાન ઉપર ઊભા થઇ, પ્લે-કાર્ડનું પ્રદર્શન કરતાં,પ્લે-કાર્ડ બતાવી રહેલા સભ્યશ્રીઓ પાસેથી પ્લે-કાર્ડ લઇ લેવા માટે માનનીય અધ્યક્ષશ્રીએ સાર્જન્ટને આદેશ આપ્યો. માનનીય અધ્યક્ષશ્રીએ ટૂંકી મુદતના પ્રશ્નોની અંદર મંત્રીશ્રીએ જવાબ આપવો પડે એવો આગ્રહ નિયમ પ્રમાણે કરી શકાતો નથી તેમ જણાવવા છતાં કોંગ્રેસ પક્ષના સભ્યશ્રીઓ દ્વારા સભાગૃહની કાર્યવાહીમાં

સતત અવરોધ પહોંચાડવાનું ચાલુ રાખતા માનનીય અધ્યક્ષશ્રીએ કોંગ્રેસ પક્ષના સભાગૃહમાં હાજર રહેલા તમામ સભ્યશ્રીઓને નિયમ-પર હેઠળ નેઈમ કર્યા અને ત્યારબાદ કોંગ્રેસ પક્ષના સભાગૃહમાં હાજર રહેલા તમામ સભ્યશ્રીઓ સભાત્યાગ કરી ગયા હતા.

## ૩૦. વિધાનસભાની કાર્યવાહી જોવા આવેલ પ્રેક્ષકોઃ-

| **ક્રમ** | **વિગત** | **પ્રેક્ષકોની સંખ્યા** |
|---|---|---|
| ૧ | રાજ્યપાલ ગેલેરી | ૦ |
| ૨ | અધ્યક્ષ ગેલેરી | ૧૧૦ |
| ૩ | અતિથિ વિશેષ ગેલેરી | ૩૫૬ |
| ૪ | પ્રેક્ષક ગેલેરી | ૩૯૭૪ |
| ૫ | શૈક્ષણિક તેમજ સામાજિક સંસ્થાઓમાંથી આવેલ મુલાકાતીઓ | ૨૭ |
| | **કુલ** | **૪૪૬૭** |

**પત્રક ક્રમાંક:- ૧**

**(જુઓ ફકરા ક્રમાંક:- ૧)**

**સત્ર દરમિયાન જુદા જુદા કામકાજે લીધેલા સમય અને ટકાવારી**

| ક્રમ | કામકાજનો વિષય | કલાક | મિનિટ | ટકાવારી% |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧. | પ્રશ્નોત્તરી | ૦૨ | ૪૨ | ૧૬.૦૫ % |
| ૨. | વિધેયકો | | | |
| | (અ) સરકારી વિધેયકો | ૦૭ | ૨૩ | ૩૨ % |
| | (બ) બિન સરકારી વિધેયકો | - | - | - |
| ૩. | અંદાજપત્ર પર ચર્ચા | - | - | - |
| ૪. | પ્રસ્તાવો | | | |
| | (અ) સભા - મોકૂફીના પ્રસ્તાવો | - | - | - |
| | (બ) મંત્રીમંડળમાં અવિશ્વાસ વ્યક્ત કરતા પ્રસ્તાવો | - | - | - |
| | (ક) બીજા પ્રસ્તાવો- સરકારી, બિન સરકારી તેમજ બીજા પ્રસ્તાવો સહિત | ૦૨ | ૦૮ | ૧૨.૦૫ % |
| ૫. | રાજ્યપાલશ્રીના સંબોધન ઉપરના આભાર પ્રસ્તાવ પર ચર્ચા | - | - | - |

| ક્રમ | કામકાજનો વિષય | કલાક | મિનિટ | ટકાવારી% |
|---|---|---|---|---|
| **૧** | **૨** | **૩** | **૪** | **૫** |
| ૬. | સંકલ્પો | | | |
| | (અ) સરકારી સંકલ્પો | ૦૧ | ૪૨ | ૧૦ % |
| | (બ) બિન સરકારી સંકલ્પો | - | - | - |
| ૭. | વૈધાનિક મંડળોના કામકાજ પર ચર્ચા | - | - | - |
| ૮. | વિધાનસભાની સમિતિઓના અહેવાલો અને બીજા અહેવાલો પર ચર્ચા | - | - | - |
| ૯. | અન્ય બાબતો | ૦૨ | ૫૫ | ૨૯% |
| | **કુલ** | **૧૬** | **૫૦** | **૧૦૦%** |

## પત્રક ક્રમાંક:- ૨

## (જુઓ ફકરા ક્રમાંક:- ૨)

## સત્ર દરમિયાન સભાગૃહની બેઠકોની તારીખ અને સમય

| કામકાજના કુલ દિવસો: ૩ | | | સભાગૃહની બેઠકો: ૩ | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | બેઠકનો સમયગાળો | | | | |
| ક્રમ | વાર | તારીખ | બેઠક શરૂ થવાનો સમય (ક.મિ.) | બેઠક પૂરી થવાનો સમય (ક.મિ.) | રિસેસ/ મુલતવી (ક.મિ.) | | બેઠકનો ખરેખર સમય (ક.મિ.) |
| ૧. | બુધવાર | ૨૧/૦૮/૨૦૨૪ | ૧૨-૦૦ | ૦૬-૨૮ | ૨-૦૩ થી ૩-૦૦ | ૦-૫૭ | ૫-૩૧ |
| ૨. | ગુરુવાર | ૨૨/૦૮/૨૦૨૪ | ૧૨-૦૦ | ૦૫-૧૩ | ૧-૫૬ થી ૩-૦૦ | ૧-૦૪ | ૪-૦૯ |
| ૩. | શુક્રવાર | ૨૩/૦૮/૨૦૨૪ | ૧૦-૦૦ | ૦૬-૦૨ | ૧૨-૦૮ થી ૧-૦૦ | ૦-૫૨ | ૭-૧૦ |
| | | | | | | **કુલ** | **૧૬-૫૦** |

## પત્રક ક્રમાંક:- ૩

## (જુઓ ફકરા ક્રમાંક:- ૩)

## સભ્યશ્રીઓએ વ્યક્તિગત રીતે આપેલ હાજરી

## (માનનીય અધ્યક્ષશ્રી, ઉપાધ્યક્ષશ્રી, મંત્રીશ્રીઓ, સરકારના મુખ્ય દંડકશ્રી તેમજ નાયબ મુખ્ય દંડકશ્રીઓ સિવાય)

| ક્રમ | સભ્યશ્રીનું નામ | હાજરી | ગેર હાજરી | કુલ | રિમાકર્સ |
|---|---|---|---|---|---|
| ૧ | જાડેજા શ્રી પ્રધ્યુમનસિંહ મહીપતસિંહ | ૩ | ૦ | ૩ | |
| ૨ | દવે શ્રી અનિરૂધ્ધ ભાઈલાલ | ૩ | ૦ | ૩ | |
| ૩ | પટેલ શ્રી કેશુભાઇ શીવદાસ | ૩ | ૦ | ૩ | |
| ૪ | છાંગા શ્રી ત્રિકમ બિજલ | ૩ | ૦ | ૩ | |
| ૫ | મહેશ્વરી શ્રીમતી માલતી કિશોર | ૨ | ૧ | ૩ | |
| ૬ | જાડેજા શ્રી વિરેન્દ્રસિંહ બહાદુરસિંહ | ૩ | ૦ | ૩ | |
| ૭ | ખાલી | - | - | - | - |
| ૮ | ચૌધરી શ્રી શંકરભાઇ લગધીરભાઇ (માન. અધ્યક્ષશ્રી) | - | - | - | - |
| ૯ | દેસાઇ શ્રી માવજીભાઇ મગનભાઇ | ૩ | ૦ | ૩ | |
| ૧૦ | ખરાડી શ્રી કાન્તીભાઇ કાળાભાઇ | ૩ | ૦ | ૩ | |
| ૧૧ | મેવાણી શ્રી જીજ્ઞેશ | ૧ | ૨ | ૩ | |
| ૧૨ | ઠાકર શ્રી અનિકેત ગિરીશભાઇ | ૩ | ૦ | ૩ | |
| ૧૩ | માળી શ્રી પ્રવિણકુમાર ગોરધનજી | ૩ | ૦ | ૩ | |
| ૧૪ | ચૌહાણ શ્રી કેશાજી શિવાજી | ૩ | ૦ | ૩ | |
| ૧૫ | ઠાકોર શ્રી અમૃતજી મોતીજી | ૩ | ૦ | ૩ | |

| ક્રમ | સભ્યશ્રીનું નામ | હાજરી | ગેર હાજરી | કુલ | રિમાકર્સ |
|---|---|---|---|---|---|
| ૧૬ | સોલંકી શ્રી લવીંગજી મુળજીજી | ૩ | ૦ | ૩ | |
| ૧૭ | ઠાકોર શ્રી દિનેશભાઇ આતાજી | ૩ | ૦ | ૩ | |
| ૧૮ | પટેલ શ્રી કિરીટકુમાર ચીમનલાલ | ૩ | ૦ | ૩ | |
| ૧૯ | રાજપુત શ્રી બલવંતસિંહ ચંદનસિંહ (માન. મંત્રીશ્રી) | - | - | - | - |
| ૨૦ | ચૌધરી શ્રી સરદારભાઇ શામળભાઇ | ૨ | ૧ | ૩ | |
| ૨૧ | પટેલ શ્રી કિરીટકુમાર કેશવલાલ | ૩ | ૦ | ૩ | |
| ૨૨ | પટેલ શ્રી ઋષિકેશ ગણેશભાઇ (માન. મંત્રીશ્રી) | - | - | - | - |
| ૨૩ | ઠાકોર શ્રી સુખાજી સોમાજી | ૩ | ૦ | ૩ | |
| ૨૪ | સોલંકી શ્રી કરશનભાઇ પુંજાભાઇ | ૦ | ૩ | ૩ | |
| ૨૫ | પટેલ શ્રી મુકેશકુમાર ડી. | ૩ | ૦ | ૩ | |
| ૨૬ | ચાવડા ડૉ. સી. જે. | ૩ | ૦ | ૩ | |
| ૨૭ | ઝાલા શ્રી વિનેન્દ્રસિંહ દિલીપસિંહ | ૩ | ૦ | ૩ | |
| ૨૮ | વોરા શ્રી રમણલાલ ઈશ્વરલાલ | ૩ | ૦ | ૩ | |
| ૨૯ | ચૌધરી ડૉ. તુષાર અમરસિંહ | ૩ | ૦ | ૩ | |
| ૩૦ | બરંડા શ્રી પી. સી. | ૩ | ૦ | ૩ | |
| ૩૧ | પરમાર શ્રી ભીખુસિંહજી ચતુરસિંહજી (માન. રા.ક.મંત્રીશ્રી) | - | - | - | - |
| ૩૨ | ઝાલા શ્રી ધવલસિંહ નરેન્દ્રસિંહ | ૨ | ૧ | ૩ | |
| ૩૩ | પરમાર શ્રી ગજેન્દ્રસિંહ ઉદેસિંહ | ૩ | ૦ | ૩ | |

| ક્રમ | સભ્યશ્રીનું નામ | હાજરી | ગેર હાજરી | કુલ | રિમાકર્સ |
|---|---|---|---|---|---|
| ૩૪ | ચૌહાણ શ્રી બલરાજસિંહ કલ્યાણસિંહ | ૩ | ૦ | ૩ | |
| ૩૫ | ઠાકોર શ્રી અલ્પેશ ખોડાજી | ૨ | ૧ | ૩ | |
| ૩૬ | પટેલ શ્રીમતી રીટાબેન કેતનકુમાર | ૩ | ૦ | ૩ | |
| ૩૭ | પટેલ શ્રી જયંતિભાઇ સોમાભાઇ | ૩ | ૦ | ૩ | |
| ૩૮ | ઠાકોર શ્રી લક્ષ્મણજી પુંજાજી | ૩ | ૦ | ૩ | |
| ૩૯ | પટેલ શ્રી હાર્દિક ભરતભાઇ | ૩ | ૦ | ૩ | |
| ૪૦ | પટેલ શ્રી કનુભાઇ કરમશીભાઇ | ૩ | ૦ | ૩ | |
| ૪૧ | પટેલ શ્રી ભુપેન્દ્રભાઇ રજનીકાન્ત (માન. મુખ્ય મંત્રીશ્રી) | - | - | - | - |
| ૪૨ | ઠાકર શ્રી અમીત | ૩ | ૦ | ૩ | |
| ૪૩ | જાદવ શ્રી બાબુસિંહ સારાભાઇ | ૦ | ૩ | ૩ | |
| ૪૪ | શાહ શ્રી અમીત | ૩ | ૦ | ૩ | |
| ૪૫ | પટેલ શ્રી જીતેન્દ્રકુમાર રમણલાલ | ૩ | ૦ | ૩ | |
| ૪૬ | વિશ્વકર્મા શ્રી જગદીશ (માન. રા.ક.મંત્રીશ્રી) | - | - | - | - |
| ૪૭ | કુકરાની પાયલ મનોજકુમાર | ૩ | ૦ | ૩ | |
| ૪૮ | રાદડિયા શ્રીમતી કંચનબેન વિનુભાઇ | ૩ | ૦ | ૩ | |
| ૪૯ | કુશવાહ શ્રી દિનેશસિંહ રાજેન્દ્રસિંહ | ૩ | ૦ | ૩ | |
| ૫૦ | પટેલ ડૉ. હસમુખ | ૩ | ૦ | ૩ | |
| ૫૧ | જૈન શ્રી કૌશિકભાઇ સુખલાલ | ૩ | ૦ | ૩ | |
| ૫૨ | ખેડાવાલા શ્રી ઈમરાન | ૩ | ૦ | ૩ | |

| ક્રમ | સભ્યશ્રીનું નામ | હાજરી | ગેર હાજરી | કુલ | રિમાકર્સ |
|---|---|---|---|---|---|
| ૫૩ | ભટ્ટ શ્રી અમુલ | ૩ | ૦ | ૩ | |
| ૫૪ | પરમાર શ્રી શૈલેષ મનુભાઈ | ૩ | ૦ | ૩ | |
| ૫૫ | પટેલ શ્રી હર્ષદભાઈ રણછોડભાઈ | ૩ | ૦ | ૩ | |
| ૫૬ | વાઘેલા શ્રીમતી દર્શના એમ. | ૩ | ૦ | ૩ | |
| ૫૭ | પટેલ શ્રી બાબુભાઈ જમનાદાસ | ૩ | ૦ | ૩ | |
| ૫૮ | ડાભી શ્રી કિરીટસિંહ સરદારસંગ | ૩ | ૦ | ૩ | |
| ૫૯ | ડાભી શ્રી કાળુભાઈ રૂપાભાઈ | ૩ | ૦ | ૩ | |
| ૬૦ | પરમાર શ્રી પરસોત્તમભાઈ ખેંગારભાઈ | ૩ | ૦ | ૩ | |
| ૬૧ | રાણા શ્રી કિરીટસિંહ જીતુભા | ૩ | ૦ | ૩ | |
| ૬૨ | મકવાણા શ્રી જગદીશભાઈ પ્રભુભાઈ (માન. નાયબ મુખ્ય દંડકશ્રી) | - | - | - | - |
| ૬૩ | ચૌહાણ શ્રી શામજીભાઈ ભીમજીભાઈ | ૩ | ૦ | ૩ | |
| ૬૪ | વરમોરા શ્રી પ્રકાશભાઈ પરસોતમભાઈ | ૩ | ૦ | ૩ | |
| ૬૫ | અમૃતિયા શ્રી કાંતીલાલ શીવલાલ | ૩ | ૦ | ૩ | |
| ૬૬ | દેથરીયા શ્રી દુર્લભજીભાઈ હરખજીભાઈ | ૩ | ૦ | ૩ | |
| ૬૭ | સોમાણી શ્રી જીતેન્દ્ર કાંતીલાલ | ૨ | ૧ | ૩ | |
| ૬૮ | કાનગડ શ્રી ઉદય | ૩ | ૦ | ૩ | |
| ૬૯ | શાહ ડૉ.દર્શીતા | ૩ | ૦ | ૩ | |
| ૭૦ | ટીલાળા શ્રી રમેશભાઈ વીરજીભાઈ | ૧ | ૨ | ૩ | |

| ક્રમ | સભ્યશ્રીનું નામ | હાજરી | ગેર હાજરી | કુલ | રિમાકર્સ |
|---|---|---|---|---|---|
| ૭૧ | બાબરીયા શ્રીમતી ભાનુબેન મનોહરભાઇ (માન. મંત્રીશ્રી) | - | - | - | - |
| ૭૨ | બાવળીયા શ્રી કુંવરજીભાઇ મોહનભાઇ (માન. મંત્રીશ્રી) | - | - | - | - |
| ૭૩ | જાડેજા શ્રીમતી ગીતાબા જયરાજસિંહ | ૩ | ૦ | ૩ | |
| ૭૪ | રાદડીયા શ્રી જયેશભાઇ વિઠ્ઠલભાઇ | ૨ | ૧ | ૩ | |
| ૭૫ | પાડલિયા ડૉ. મહેન્દ્રભાઇ | ૩ | ૦ | ૩ | |
| ૭૬ | ચાવડા શ્રી મેઘજીભાઇ અમરાભાઇ | ૩ | ૦ | ૩ | |
| ૭૭ | પટેલ શ્રી રાઘવજીભાઇ હંસરાજભાઇ (માન. મંત્રીશ્રી) | - | - | - | - |
| ૭૮ | જાડેજા શ્રીમતી રિવાબા રવિન્દ્રસિંહ | ૩ | ૦ | ૩ | |
| ૭૯ | અકબરી શ્રી દિવ્યેશભાઇ રણછોડભાઇ | ૩ | ૦ | ૩ | |
| ૮૦ | આહિર શ્રી હેમંતભાઇ હરદાસભાઇ | ૩ | ૦ | ૩ | |
| ૮૧ | બેરા(આયર) શ્રી મુળુભાઇ હરદાસભાઇ (માન. મંત્રીશ્રી) | - | - | - | - |
| ૮૨ | માણેક શ્રી પબુભા વિરમભા | ૦ | 3 | ૩ | |
| ૮૩ | મોઢવાડીયા શ્રી અર્જુનભાઇ દેવાભાઇ | ૩ | ૦ | ૩ | |
| ૮૪ | જાડેજા શ્રી કાંધલભાઇ સરમણભાઇ | ૩ | ૦ | ૩ | |
| ૮૫ | લાડાણી શ્રી અરવિંદભાઇ જીણાભાઇ | ૩ | ૦ | ૩ | |
| ૮૬ | કોરડીયા શ્રી સંજય સુખાભાઈ | ૩ | ૦ | ૩ | |
| ૮૭ | માલમ શ્રી દેવાભાઇ પુંજાભાઇ | ૩ | ૦ | ૩ | |

| ક્રમ | સભ્યશ્રીનું નામ | હાજરી | ગેર હાજરી | કુલ | રિમાકર્સ |
|---|---|---|---|---|---|
| ૮૮ | કરગટીયા શ્રી ભગવાનજીભાઇ લાખાભાઇ | ૩ | ૦ | ૩ | |
| ૮૯ | ચુડાસમા શ્રી વિમલભાઇ કાનાભાઇ | ૩ | ૦ | ૩ | |
| ૯૦ | બારડ શ્રી ભગાભાઇ ધાનાભાઇ | ૧ | ૨ | ૩ | |
| ૯૧ | વાજા ડૉ. પ્રદ્યુમન | ૩ | ૦ | ૩ | |
| ૯૨ | રાઠોડ શ્રી કાળુભાઇ ચનાભાઇ | ૩ | ૦ | ૩ | |
| ૯૩ | કાકડીયા શ્રી જે. વી. | ૩ | ૦ | ૩ | |
| ૯૪ | વેકરિયા શ્રી કૌશિક કાંતિભાઇ (માન. નાયબ મુખ્ય દંડકશ્રી) | - | - | - | - |
| ૯૫ | તળાવિયા શ્રી જનકભાઇ | ૩ | ૦ | ૩ | |
| ૯૬ | કસવાલા શ્રી મહેશ | ૩ | ૦ | ૩ | |
| ૯૭ | સોલંકી શ્રી હિરાભાઇ ઓધવજીભાઇ | ૧ | ૨ | ૩ | |
| ૯૮ | ગોહિલ શ્રી શિવાભાઇ જેરામભાઇ | ૩ | ૦ | ૩ | |
| ૯૯ | ચૌહાણ શ્રી ગૌતમભાઇ ગોપાભાઇ | ૩ | ૦ | ૩ | |
| ૧૦૦ | વાઘાણી શ્રી સુધીરભાઇ | ૩ | ૦ | ૩ | |
| ૧૦૧ | બારૈયા શ્રી ભીખાભાઇ રવજીભાઇ | ૩ | ૦ | ૩ | |
| ૧૦૨ | સોલંકી શ્રી પરસોત્તમભાઇ ઓ. (માન. રા.ક.મંત્રીશ્રી) | - | - | - | - |
| ૧૦૩ | પંડ્યા શ્રીમતી સેજલબેન રાજીવકુમાર | ૩ | ૦ | ૩ | |
| ૧૦૪ | વાઘાણી શ્રી જીતેન્દ્રભાઈ સવજીભાઈ | ૩ | ૦ | ૩ | |
| ૧૦૫ | ટુંડીયા મહંત શ્રી શંભુનાથ | ૧ | ૨ | ૩ | |

| ક્રમ | સભ્યશ્રીનું નામ | હાજરી | ગેર હાજરી | કુલ | રિમાકર્સ |
|---|---|---|---|---|---|
| ૧૦૬ | મકવાણા શ્રી ઉમેશભાઇ નારણભાઇ | ૩ | ૦ | ૩ | |
| ૧૦૭ | પટેલ શ્રી ચિરાગકુમાર અરવિંદભાઇ | ૩ | ૦ | ૩ | |
| ૧૦૮ | સોલંકી શ્રી રમણભાઇ ભીખાભાઇ (માન. નાયબ મુખ્ય દંડકશ્રી) | - | - | - | - |
| ૧૦૯ | ચાવડા શ્રી અમીત | ૩ | ૦ | ૩ | |
| ૧૧૦ | પરમાર શ્રી ગોવિંદભાઇ રઇજીભાઇ | ૨ | ૧ | ૩ | |
| ૧૧૧ | પટેલ શ્રી યોગેશ આર. | ૩ | ૦ | ૩ | |
| ૧૧૨ | પટેલ શ્રી કમલેશભાઇ રમેશભાઇ | ૩ | ૦ | ૩ | |
| ૧૧૩ | પટેલ શ્રી વિપુલકુમાર વિનુભાઇ | ૩ | ૦ | ૩ | |
| ૧૧૪ | પરમાર શ્રી કલ્પેશભાઇ આશાભાઇ | ૩ | ૦ | ૩ | |
| ૧૧૫ | દેસાઇ શ્રી પંકજભાઇ વિનુભાઇ | ૧ | ૨ | ૩ | |
| ૧૧૬ | ચૌહાણ શ્રી અર્જુનસિંહ ઉદેસિંહ | ૩ | ૦ | ૩ | |
| ૧૧૭ | મહિડા શ્રી સંજયસિંહ વિજયસિંહ | ૩ | ૦ | ૩ | |
| ૧૧૮ | પરમાર શ્રી યોગેન્દ્રસિંહ | ૩ | ૦ | ૩ | |
| ૧૧૯ | ઝાલા શ્રી રાજેશકુમાર મગનભાઇ | ૩ | ૦ | ૩ | |
| ૧૨૦ | ચૌહાણ શ્રી માનસિંહ કોહ્યાભાઈ | ૩ | ૦ | ૩ | |
| ૧૨૧ | ચૌહાણ શ્રી ગુલાબસિંહ સોમસિંહ | ૩ | ૦ | ૩ | |
| ૧૨૨ | ડીંડોર ડૉ. કુબેરભાઇ મનસુખભાઇ (માન. મંત્રીશ્રી) | - | - | - | - |
| ૧૨૩ | આહીર(ભરવાડ) શ્રી જેઠાભાઇ ઘેલાભાઈ (માન. ઉપાધ્યક્ષશ્રી) | - | - | - | - |

| ક્રમ | સભ્યશ્રીનું નામ | હાજરી | ગેર હાજરી | કુલ | રિમાર્કર્સ |
|---|---|---|---|---|---|
| ૧૨૪ | સુથાર શ્રીમતી નિમિષાબેન મનહરસિંહ | ૩ | ૦ | ૩ | |
| ૧૨૫ | રાઉલજી શ્રી સી.કે. | ૩ | ૦ | ૩ | |
| ૧૨૬ | ચૌહાણ શ્રી ફતેસિંહ વખતસિંહ | ૩ | ૦ | ૩ | |
| ૧૨૭ | પરમાર શ્રી જયદ્રથસિંહજી | ૩ | ૦ | ૩ | |
| ૧૨૮ | કટારા શ્રી રમેશભાઇ ભુરાભાઈ | ૩ | ૦ | ૩ | |
| ૧૨૯ | ભુરીયા શ્રી મહેશભાઇ સોમજીભાઇ | ૩ | ૦ | ૩ | |
| ૧૩૦ | ભાભોર શ્રી શૈલેષભાઇ સુમનભાઇ | ૩ | ૦ | ૩ | |
| ૧૩૧ | કિશોરી શ્રી કનૈયાલાલ બચુભાઇ | ૩ | ૦ | ૩ | |
| ૧૩૨ | ભાભોર શ્રી મહેન્દ્રભાઇ રમેશભાઇ | ૩ | ૦ | ૩ | |
| ૧૩૩ | ખાબડ શ્રી બચુભાઇ મગનભાઇ (માન. રા.ક.મંત્રીશ્રી) | - | - | - | - |
| ૧૩૪ | ઈનામદાર શ્રી કેતનભાઇ મહેન્દ્રભાઇ | ૨ | ૧ | ૩ | |
| ૧૩૫ | વાઘેલા શ્રી ધર્મેન્દ્રસિંહ રણુભા | ૩ | ૦ | ૩ | |
| ૧૩૬ | રાઠવા શ્રી રાજેન્દ્રસિંહ મોહનસિંહ | ૩ | ૦ | ૩ | |
| ૧૩૭ | રાઠવા શ્રી જયંતિભાઇ સવજીભાઇ | ૩ | ૦ | ૩ | |
| ૧૩૮ | તડવી શ્રી અભેસિંહ મોતીભાઇ | ૩ | ૦ | ૩ | |
| ૧૩૯ | મહેતા શ્રી શૈલેષભાઇ કનૈયાલાલ | ૩ | ૦ | ૩ | |
| ૧૪૦ | વકીલ શ્રીમતી મનીષા રાજીવભાઇ | ૩ | ૦ | ૩ | |
| ૧૪૧ | રોકડિયા શ્રી કેયુર નારાયણદાસ | ૩ | ૦ | ૩ | |
| ૧૪૨ | દેસાઇ શ્રી ચૈતન્ય મકરંદભાઇ | ૩ | ૦ | ૩ | |

| ક્રમ | સભ્યશ્રીનું નામ | હાજરી | ગેર હાજરી | કુલ | રિમાર્કર્સ |
|---|---|---|---|---|---|
| ૧૪૩ | શુકલ શ્રી બાળકૃષ્ણ ખંડેરાવ (માન. મુખ્ય દંડકશ્રી) | - | - | - | - |
| ૧૪૪ | પટેલ શ્રી યોગેશભાઇ નારનદાસ | ૩ | ૦ | ૩ | |
| ૧૪૫ | ઝાલા શ્રી ચૈતન્યસિંહ પ્રતાપસિંહ | ૩ | ૦ | ૩ | |
| ૧૪૬ | પટેલ શ્રી અક્ષયકુમાર ઈશ્વરભાઇ | ૩ | ૦ | ૩ | |
| ૧૪૭ | દેશમુખ(વસાવા) ડૉ.દર્શના ચંદુભાઇ | ૩ | ૦ | ૩ | |
| ૧૪૮ | વસાવા શ્રી ચૈતરભાઇ દામજીભાઇ | ૩ | ૦ | ૩ | |
| ૧૪૯ | શ્રી ડી.કે. સ્વામી | ૩ | ૦ | ૩ | |
| ૧૫૦ | રણા શ્રી અરૂણસિંહ અજીતસિંહ | ૩ | ૦ | ૩ | |
| ૧૫૧ | વસાવા શ્રી રીતેશકુમાર રમણભાઈ | ૨ | ૧ | ૩ | |
| ૧૫૨ | મિસ્ત્રી શ્રી રમેશભાઈ નારણદાસ | ૩ | ૦ | ૩ | |
| ૧૫૩ | પટેલ શ્રી ઈશ્વરસિંહ ઠાકોરભાઈ | ૨ | ૧ | ૩ | |
| ૧૫૪ | પટેલ શ્રી મુકેશભાઈ ઝીણાભાઈ (માન. રા.ક.મંત્રીશ્રી) | - | - | - | - |
| ૧૫૫ | વસાવા શ્રી ગણપતસિંહ વેસ્તાભાઇ | ૨ | ૧ | ૩ | |
| ૧૫૬ | હળપતિ શ્રી કુંવરજીભાઈ નરસિંહભાઈ (માન. રા.ક.મંત્રીશ્રી) | - | - | - | - |
| ૧૫૭ | પાનશેરીયા શ્રી પ્રફુલ (માન. રા.ક.મંત્રીશ્રી) | - | - | - | - |
| ૧૫૮ | રાણા શ્રી અરવિંદ શાંતિલાલ | ૩ | ૦ | ૩ | |
| ૧૫૯ | બલર શ્રી કાંતિભાઈ હિંમતભાઈ | ૩ | ૦ | ૩ | |
| ૧૬૦ | કાનાણી શ્રી કિશોર (કુમાર) | ૩ | ૦ | ૩ | |

| ક્રમ | સભ્યશ્રીનું નામ | હાજરી | ગેર હાજરી | કુલ | રિમાકર્સ |
|---|---|---|---|---|---|
| ૧૬૧ | ઘોઘારી શ્રી પ્રવિણભાઈ મનજીભાઈ | ૩ | ૦ | ૩ | |
| ૧૬૨ | પાટીલ શ્રીમતી સંગીતાબેન રાજેન્દ્ર | ૩ | ૦ | ૩ | |
| ૧૬૩ | પટેલ શ્રી મનુભાઇ એમ. | ૩ | ૦ | ૩ | |
| ૧૬૪ | સંઘવી શ્રી હર્ષ રમેશભાઇ (માન. રા.ક.મંત્રીશ્રી) | - | - | - | - |
| ૧૬૫ | મોરડીયા શ્રી વિનોદભાઈ અમરશીભાઈ | ૩ | ૦ | ૩ | |
| ૧૬૬ | મોદી શ્રી પુર્ણેશ | ૩ | ૦ | ૩ | |
| ૧૬૭ | દેસાઈ શ્રી સંદીપ | ૦ | ૩ | ૩ | |
| ૧૬૮ | પરમાર શ્રી ઈશ્વરભાઈ રમણભાઈ | ૦ | ૩ | ૩ | |
| ૧૬૯ | ઢોડિયા શ્રી મોહનભાઇ ધનજીભાઇ | ૩ | ૦ | ૩ | |
| ૧૭૦ | કોંકણી શ્રી મોહનભાઈ ઢેડાભાઈ | ૩ | ૦ | ૩ | |
| ૧૭૧ | ગામીત ડૉ.જયરામભાઇ ચેમાભાઇ | ૨ | ૧ | ૩ | |
| ૧૭૨ | પટેલ શ્રી વિજયભાઈ રમેશભાઈ (માન. નાયબ મુખ્ય દંડકશ્રી) | - | - | - | - |
| ૧૭૩ | પટેલ શ્રી આર.સી. | ૦ | ૩ | ૩ | |
| ૧૭૪ | દેસાઇ શ્રી રાકેશ ગુણવંતભાઇ | ૩ | ૦ | ૩ | |
| ૧૭૫ | પટેલ શ્રી નરેશભાઇ મગનભાઇ | ૩ | ૦ | ૩ | |
| ૧૭૬ | પટેલ શ્રી અનંતકુમાર હસમુખભાઇ | ૩ | ૦ | ૩ | |
| ૧૭૭ | પટેલ શ્રી અરવિંદભાઇ છોટુભાઇ | ૩ | ૦ | ૩ | |
| ૧૭૮ | પટેલ શ્રી ભરતભાઇ કીકુભાઇ | ૩ | ૦ | ૩ | |

| ક્રમ | સભ્યશ્રીનું નામ | હાજરી | ગેર હાજરી | કુલ | રિમાકર્સ |
|---|---|---|---|---|---|
| ૧૭૯ | દેસાઇ શ્રી કનુભાઇ મોહનલાલ (માન. મંત્રીશ્રી) | - | - | - | |
| ૧૮૦ | ચૌધરી શ્રી જીતુભાઈ હરજીભાઈ | ૩ | ૦ | ૩ | |
| ૧૮૧ | પાટકર શ્રી રમણલાલ નાનુભાઈ | ૩ | ૦ | ૩ | |
| | **કુલ** | **૪૨૩** | **૪૫** | **૪૬૮** | |

**પત્રક ક્રમાંક:- ૪**

(**જુઓ ફકરા ક્રમાંક:-** ૩)

**સભ્યશ્રીઓની તારીખવાર હાજરી**

(**માનનીય અધ્યક્ષશ્રી, ઉપાધ્યક્ષશ્રી, મંત્રીશ્રીઓ, સરકારના મુખ્ય દંડકશ્રી તેમજ નાયબ મુખ્ય દંડકશ્રીઓ સિવાય**)

| ક્રમ | બેઠકની તારીખ | હાજરી | ગેર હાજરી | કુલ |
|---|---|---|---|---|
| ૧ | ૨૧/૦૮/૨૦૨૪ | ૧૪૪ | ૧૨ | ૧૫૬ |
| ૨ | ૨૨/૦૮/૨૦૨૪ | ૧૪૧ | ૧૫ | ૧૫૬ |
| ૩ | ૨૩/૦૮/૨૦૨૪ | ૧૩૮ | ૧૮ | ૧૫૬ |
| | **કુલ** | **૪૨૩** | **૪૫** | **૪૬૮** |

**પત્રક ક્રમાંક:- ૫**

**(જુઓ ફકરા ક્રમાંક:- ૪)**

**ટૂંકી મુદત, તારાંકિત, અતારાંકિત પ્રશ્નોની અને અરધા કલાકની સૂચનાઓનો નિકાલ (આંકડામાં)**

| પ્રશ્નનો પ્રકાર | મળેલ સૂચના | દાખલ કર્યા | દાખલ ન કર્યા | ટૂંકી મુદતમાંથી તારાંકિત પ્રશ્ન | ટૂંકી મુદતમાંથી અતારાંકિત પ્રશ્ન | તારાંકિત માંથી અતારાંકિત તરીકે દાખલ | સભ્યશ્રીએ પ્રશ્ન પાછા ખેંચી લીધા /સહી ન હોવાથી દફતરે | ગૃહમાં ચર્ચા / જવાબ ની રજૂઆત | સમયના અભાવે ગૃહમાં ચર્ચાયા ન હોય તેવા તારાંકિત પ્રશ્નોના અતારાંકિત તરીકે ગૃહમાં જવાબ આપ્યા | ટૂંકી મુદતે જવાબ આપવા મંત્રીશ્રી અસંમત થતાં રદ થયા | સત્ર વહેલુ સમાપ્ત થતાં પ્રશ્નો રદ થયા | નિયમ-૮૭(ક) અન્વયે ગૃહના મેજ ઉપર મુકાયા | સભ્યશ્રી મંત્રીશ્રી / સંસદ સભ્યશ્રી બનતાં / અવસાન થતાં / સભ્યશ્રીએ રાજીનામા આપતા પ્રશ્નો રદ થયા | મંત્રીશ્રીની વિનંતીથી રદ કરેલા પ્રશ્નો |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ |
| ટૂંકી મુદતના પ્રશ્નો | ૮૨ | ૩૦ | ૫૨ | - | - | - | - | ૧૧ | - | ૧૪ | - | - | - | - |
| તારાંકિત પ્રશ્નો | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - |
| અતારાંકિત પ્રશ્નો | ૩ | ૧ | ૨ | - | - | - | - | - | - | - | - | ૮૭ | - | - |
| અરધા કલાકની ચર્ચાના પ્રશ્નો | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - |

**પત્રક ક્રમાંક- ૬**

**(જુઓ ફકરા ક્રમાંક:- ૪)**

**ટૂંકી મુદતના પ્રશ્નોની વિભાગવાર માહિતી (આંકડામાં)**

| અ.નં. | વિભાગનું નામ | મળેલ સૂચનાઓ | દાખલ કર્યા | ટૂંકી મુદતમાંથી તારાંકિત તરીકે દાખલ કર્યા | ટૂંકી મુદતમાંથી અતારાંકિત તરીકે દાખલ કર્યા | દાખલ ન કર્યા | મુદત બહારની સૂચના | મંત્રીશ્રી સંમત | મંત્રીશ્રી અસંમત | નિયમ-૯૦(૨) ના પરંતુક અન્વયે રદ | ગૃહમાં ચર્ચા |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ |
| ૧ | સામાન્ય વહીવટ વિભાગ | ૧ | ૧ | - | - | - | - | - | ૧ | - | - |
| ૨ | કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ | ૭ | ૬ | - | - | ૧ | - | ૪ | ૨ | - | ૩* |
| ૩ | શિક્ષણ વિભાગ | ૧૧ | ૪ | - | - | ૭ | - | ૪ | - | - | ૪ |
| ૪ | વન અને પર્યાવરણ વિભાગ | ૧ | - | - | - | ૧ | - | - | - | - | - |
| ૫ | આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ | ૬ | ૪ | - | - | ૨ | - | ૪ | ૦ | ૩ | ૧ |
| ૬ | ગૃહ વિભાગ | ૯ | ૩ | - | - | ૬ | - | ૨ | ૧ | - | ૨ |
| ૭ | ઉદ્યોગ અને ખાણ વિભાગ | ૪ | ૦ | - | - | ૪ | - | - | - | - | - |
| ૮ | નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ | ૬ | ૨ | - | - | ૪ | - | - | ૨ | - | - |

| અ.નં. | વિભાગનું નામ | મળેલ સૂચનાઓ | દાખલ કર્યા | ટૂંકી મુદતમાંથી તારાંકિત તરીકે દાખલ કર્યા | ટૂંકી મુદતમાંથી અતારાંકિત તરીકે દાખલ કર્યા | દાખલ ન કર્યા | મુદત બહારની સૂચના | મંત્રીશ્રી સંમત | મંત્રીશ્રી અસંમત | નિયમ-૯૦(૨) ના પરંતુક અન્વયે રદ | ગૃહમાં ચર્ચા |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ |
| ૯ | પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ | ૫ | - | - | - | ૫ | - | - | - | - | - |
| ૧૦ | મહેસૂલ વિભાગ | ૮ | ૩ | - | - | ૫ | - | ૧ | ૨ | ૧ | - |
| ૧૧ | માર્ગ અને મકાન વિભાગ | ૬ | - | - | - | ૬ | - | - | - | - | - |
| ૧૨ | સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ | ૨ | ૨ | - | - | - | - | - | ૨ | - | - |
| ૧૩ | શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ | ૮ | ૩ | - | - | ૫ | - | ૧ | ૨ | - | ૧ |
| ૧૪ | રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો વિભાગ | ૨ | - | - | - | ૨ | - | - | - | - | - |
| ૧૫ | બંદરો અને વાહનવ્યવહાર વિભાગ | ૧ | ૧ | - | - | - | - | - | ૧ | - | - |
| ૧૬ | આદિજાતિ વિકાસ વિભાગ | ૫ | ૧ | - | - | ૪ | - | - | ૧ | - | - |
|  | કુલ | ૮૨ | ૩૦ | - | - | ૫૨ | - | ૧૬ | ૧૪ | ૪ | ૧૧ |

***કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગનો સભાગૃહમાં રજૂ થયેલ એક (૧) ટૂંકી મુદતના પ્રશ્નના પ્રભારી સભ્યશ્રી ગેરહાજર રહેતા તેની સભાગૃહમાં ચર્ચા થયેલ નથી.**

**પત્રક ક્રમાંક- ૭**

**(જુઓ ફકરા ક્રમાંક:- ૪)**

**અતારાંકિત પ્રશ્નોની વિભાગવાર માહિતી (આંકડામાં)**

| અ.નં. | વિભાગનું નામ | મળેલ સૂચનાઓ | દાખલ કર્યા | તારાંકિતમાંથી અતારાંકિત તરીકે દાખલ કર્યા | ટૂંકી મુદતમાંથી અતારાંકિત તરીકે દાખલ કર્યા | દાખલ ન કર્યા | મંત્રીશ્રીની વિનંતીથી પ્રશ્નો રદ કર્યા | પ્રશ્ન પાછા ખેંચ્યા | ગૃહમાં જવાબ આપ્યા | નિયમ-૮૭(ક) અન્વયે ગૃહના મેજ ઉપર મુકાયા | સભ્યશ્રીએ રાજીનામા આપતા પ્રશ્નો રદ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ |
| ૧ | સામાન્ય વહીવટ વિભાગ | - | - | - | - | - | - | - | - | ૪ | - |
| ૨ | કૃષિ, ખેડુત કલ્યાણ અને સહકાર વિભાગ | - | - | - | - | - | - | - | - | ૪ | - |
| ૩ | શિક્ષણ વિભાગ | - | - | - | - | - | - | - | - | ૨ | - |
| ૪ | નાણા વિભાગ | - | - | - | - | - | - | - | - | ૧ | - |
| ૫ | અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ | - | - | - | - | - | - | - | - | ૧ | - |
| ૬ | વન અને પર્યાવરણ વિભાગ | - | - | - | - | - | - | - | - | ૭ | - |
| ૭ | આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ | - | - | - | - | - | - | - | - | ૧૨ | - |

| અ.નં. | વિભાગનું નામ | મળેલ સૂચનાઓ | દાખલ કર્યા | તારાંકિતમાંથી અતારાંકિત તરીકે દાખલ કર્યા | ટૂંકી મુદતમાંથી અતારાંકિત તરીકે દાખલ કર્યા | દાખલ ન કર્યા | મંત્રીશ્રીની વિનંતીથી પ્રશ્નો રદ કર્યા | પ્રશ્ન પાછા ખેંચ્યા | ગૃહમાં જવાબ આપ્યા | નિયમ-૮૭(ક) અન્વયે ગૃહના મેજ ઉપર મુકાયા | સભ્યશ્રીએ રાજીનામા આપતા પ્રશ્નો રદ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ |
| ૮ | ગૃહ વિભાગ | ૧ | ૧ | - | - | - | - | - | - | ૫ | - |
| ૯ | ઉદ્યોગ અને ખાણ વિભાગ | ૧ | - | - | - | ૧ | - | - | - | ૮ | - |
| ૧૦ | શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ | ૧ | - | - | - | ૧ | - | - | - | - | - |
| ૧૧ | કાયદા વિભાગ | - | - | - | - | - | - | - | - | ૨ | - |
| ૧૨ | નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ | - | - | - | - | - | - | - | - | ૪ | - |
| ૧૩ | પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ | - | - | - | - | - | - | - | - | ૧૩ | - |
| ૧૪ | મહેસૂલ વિભાગ | - | - | - | - | - | - | - | - | ૨ | - |
| ૧૫ | માર્ગ અને મકાન વિભાગ | - | - | - | - | - | - | - | - | ૧ | - |
| ૧૬ | સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ | - | - | - | - | - | - | - | - | ૩ | - |
| ૧૭ | શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ | - | - | - | - | - | - | - | - | ૫ | - |

| અ.નં. | વિભાગનું નામ | મળેલ સૂચનાઓ | દાખલ કર્યા | તારાંકિતમાંથી અતારાંકિત તરીકે દાખલ કર્યા | ટૂંકી મુદતમાંથી અતારાંકિત તરીકે દાખલ કર્યા | દાખલ ન કર્યા | મંત્રીશ્રીની વિનંતીથી પ્રશ્નો રદ કર્યા | પ્રશ્ન પાછા ખેંચ્યા | ગૃહમાં જવાબ આપ્યા | નિયમ-૮૭(ક) અન્વયે ગૃહના મેજ ઉપર મુકાયા | સભ્યશ્રીએ રાજીનામા આપતા પ્રશ્નો રદ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ |
| ૧૮ | રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો વિભાગ | - | - | - | - | - | - | - | - | ૨ | - |
| ૧૯ | બંદરો અને વાહનવ્યવહાર વિભાગ | - | - | - | - | - | - | - | - | ૨ | - |
| ૨૦ | મહિલા અને બાળ વિકાસ વિભાગ | - | - | - | - | - | - | - | - | ૨ | - |
| ૨૧ | આદિજાતિ વિકાસ વિભાગ | - | - | - | - | - | - | - | - | ૪ | - |
| ૨૨ | વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ | - | - | - | - | - | - | - | - | ૧ | - |
| ૨૩ | ક્લાઈમેટ ચેન્જ વિભાગ | - | - | - | - | - | - | - | - | ૨ | - |
| | કુલ | ૩ | ૧ | - | - | ૨ | - | - | - | ૮૭ | - |

**પત્રક ક્રમાંક:- ૮**

**(જુઓ ફકરા ક્રમાંક:- ૫(૧))**

**દાખલ કરવાનાં સરકારી વિધેયકો**

| અ.નં. | વિધેયકની ટૂંકી સંજ્ઞા | વિભાગ | પ્રભારી મંત્રીશ્રી | દાખલ થયા તારીખ |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | સન ૨૦૨૪નું વિધેયક ક્રમાંક-૧૦-સન ૨૦૨૪નું ગુજરાત કાયદા (જોગવાઈઓના સુધારા) વિધેયક | વૈધાનિક અને સંસદીય બાબતો | શ્રી ઋષિકેશ પટેલ | પ્રભારી મંત્રીશ્રીએ વિધેયકની સૂચના પરત ખેંચી લીધી હતી. |
| ૨ | સન ૨૦૨૪નું વિધેયક ક્રમાંક-૧૧-સન ૨૦૨૪નું ગુજરાત નશાબંધી (સુધારા) વિધેયક | ગૃહ | શ્રી હર્ષ સંઘવી | ૨૨/૦૮/૨૦૨૪ |
| ૩ | સન ૨૦૨૪નું વિધેયક ક્રમાંક-૧૨-સન ૨૦૨૪નું ગુજરાત માનવ બલિદાન અને બીજી અમાનુષી, અનિષ્ટ અને અઘોરી પ્રથા અને કાળા જાદુ અટકાવવા અને (તેનું) નિર્મૂલન કરવા બાબત વિધેયક | ગૃહ | શ્રી હર્ષ સંઘવી | ૨૧/૦૮/૨૦૨૪ |
| ૪ | સન ૨૦૨૪નું વિધેયક ક્રમાંક-૧૩-સન ૨૦૨૪નું ગુજરાત માલ અને સેવા વેરા (સુધારા) વિધેયક | નાણા | શ્રી કનુભાઈ દેસાઈ | ૨૨/૦૮/૨૦૨૪ |
| ૫ | સન ૨૦૨૪નું વિધેયક ક્રમાંક-૧૪-સન ૨૦૨૪નું ગુજરાત ખાનગી યુનિવર્સિટી (સુધારા) વિધેયક | શિક્ષણ | શ્રી પ્રફુલ પાનશેરીયા | ૨૩/૦૮/૨૦૨૪ |
| ૬ | સન ૨૦૨૪નું વિધેયક ક્રમાંક-૧૫-સન ૨૦૨૪નું ગુજરાત વિશેષ કોર્ટ વિધેયક | ગૃહ | શ્રી હર્ષ સંઘવી | ૨૩/૦૮/૨૦૨૪ |

**પત્રક ક્રમાંક:- ૯**

**(જુઓ ફકરા ક્રમાંક :- ૫(૨))**

**પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટેનાં સરકારી વિધેયકો**

| અ.નં. | વિધેયકનો નંબર અને સંજ્ઞા | ગેઝેટમાં પ્રસિધ્ધ થયા તારીખ | સંબંધિત વિભાગ | પ્રભારી મંત્રીશ્રી | દાખલ થયા તારીખ | પહેલા વાંચનની તારીખ | બીજા વાંચનની તારીખ | ત્રીજા વાંચનની તારીખ | સુધારા | | | શેરો |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | | જેની સૂચના મળી | જે રજૂ કરવામાં આવ્યા | જે પસાર કરવામાં આવ્યા | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ |
| ૧ | સન ૨૦૨૪નું વિધેયક ક્રમાંક-૧૧-સન ૨૦૨૪નું ગુજરાત નશાબંધી (સુધારા) વિધેયક | ૧૪/૦૮/૨૦૨૪ | ગૃહ | શ્રી હર્ષ સંઘવી | ૨૨/૦૮/૨૦૨૪ | ૨૨/૦૮/૨૦૨૪ | ૨૨/૦૮/૨૦૨૪ | ૨૨/૦૮/૨૦૨૪ | - | - | - | વિધેયક પસાર કરવામાં આવ્યું |
| ૨ | સન ૨૦૨૪નું વિધેયક ક્રમાંક-૧૨-સન ૨૦૨૪નું ગુજરાત માનવ બલિદાન અને બીજી અમાનુષી, અનિષ્ટ અને અઘોરી પ્રથા અને કાળા જાદુ અટકાવવા અને (તેનું) નિર્મૂલન કરવા બાબત વિધેયક | ૧૪/૦૮/૨૦૨૪ | ગૃહ | શ્રી હર્ષ સંઘવી | ૨૧/૦૮/૨૦૨૪ | ૨૧/૦૮/૨૦૨૪ | ૨૧/૦૮/૨૦૨૪ | ૨૧/૦૮/૨૦૨૪ | - | - | - | વિધેયક પસાર કરવામાં આવ્યું |

| અ.નં. | વિધેયકનો નંબર અને સંજ્ઞા | ગેઝેટમાં પ્રસિધ્ધ થયા તારીખ | સંબંધિત વિભાગ | પ્રભારી મંત્રીશ્રી | દાખલ થયા તારીખ | પહેલા વાંચનની તારીખ | બીજા વાંચનની તારીખ | ત્રીજા વાંચનની તારીખ | સુધારા | | | શેરો |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | | જેની સૂચના મળી | જે રજૂ કરવામાં આવ્યા | જે પસાર કરવામાં આવ્યા | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ |
| ૩ | સન ૨૦૨૪નું વિધેયક ક્રમાંક-૧૩-સન ૨૦૨૪નું ગુજરાત માલ અને સેવા વેરા (સુધારા) વિધેયક | ૧૪/૦૮/૨૦૨૪ | નાણા | શ્રી કનુભાઇ દેસાઇ | ૨૨/૦૮/૨૦૨૪ | ૨૨/૦૮/૨૦૨૪ | ૨૨/૦૮/૨૦૨૪ | ૨૨/૦૮/૨૦૨૪ | - | - | - | વિધેયક પસાર કરવામાં આવ્યું |
| ૪ | સન ૨૦૨૪નું વિધેયક ક્રમાંક-૧૪-સન ૨૦૨૪નું ગુજરાત ખાનગી યુનિવર્સિટી (સુધારા) વિધેયક | ૧૭/૦૮/૨૦૨૪ | શિક્ષણ | શ્રી પ્રફુલ પાનશેરીયા | ૨૩/૦૮/૨૦૨૪ | ૨૩/૦૮/૨૦૨૪ | ૨૩/૦૮/૨૦૨૪ | ૨૩/૦૮/૨૦૨૪ | - | - | - | વિધેયક પસાર કરવામાં આવ્યું |
| ૫ | સન ૨૦૨૪નું વિધેયક ક્રમાંક-૧૫-સન ૨૦૨૪નું ગુજરાત વિશેષ કોર્ટ વિધેયક | ૧૭/૦૮/૨૦૨૪ | ગૃહ | શ્રી હર્ષ સંઘવી | ૨૩/૦૮/૨૦૨૪ | ૨૩/૦૮/૨૦૨૪ | ૨૩/૦૮/૨૦૨૪ | ૨૩/૦૮/૨૦૨૪ | - | - | - | વિધેયક પસાર કરવામાં આવ્યું |

## પત્રક ક્રમાંક:- ૧૦

(જુઓ ફકરા ક્રમાંક:- ૬)

## વટહુકમો અને તે બહાર પાડવા અંગેના નિવેદનો

| અ.નં. | વટહુકમ ક્રમાંક અને ટૂંકી સંજ્ઞા | વટહુકમ અને નિવેદન મેજ ઉપર મૂક્યા તારીખ |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧ | સન ૨૦૨૪નો વટહુકમ ક્રમાંક-૧-સન ૨૦૨૪નો ગુજરાત કાયદા (જોગવાઈઓના સુધારા) વટહુકમ તથા આ વટહુકમ બહાર પાડવા અંગેના સંજોગો સમજાવતું નિવેદન | ૨૧/૦૮/૨૦૨૪ |
| ૨ | સન ૨૦૨૪નો વટહુકમ ક્રમાંક-૨-સન ૨૦૨૪નો ગુજરાત નશાબંધી (સુધારા) વટહુકમ તથા આ વટહુકમ બહાર પાડવા અંગેના સંજોગો સમજાવતું નિવેદન | ૨૧/૦૮/૨૦૨૪ |

**પત્રક ક્રમાંક:- ૧૧**

**(જુઓ ફકરા ક્રમાંક:- ૭)**

**વટહુકમનું સ્થાન લેતું વિધેયક**

| **અ.નં.** | **વટહુકમ** | **વટહુકમનું સ્થાન લેતું વિધેયક** | **વિધેયક સભાગૃહે પસાર કર્યા તારીખ** |
|---|---|---|---|
| **૧** | **૨** | ૩ | **૪** |
| ૧ | સન ૨૦૨૪નો વટહુકમ ક્રમાંક-૧-સન ૨૦૨૪નો ગુજરાત કાયદા (જોગવાઈઓના સુધારા) વટહુકમ | સદરહુ વટહુકમનું સ્થાન લેતા સન ૨૦૨૪નાં વિધેયક ક્રમાંક-૧૦-સન ૨૦૨૪નાં ગુજરાત કાયદા (જોગવાઈઓના સુધારા) વિધેયકની સૂચના પ્રભારી મંત્રીશ્રીએ પરત ખેંચી લીધી હતી. | - |
| ૨ | સન ૨૦૨૪નો વટહુકમ ક્રમાંક-૨-સન ૨૦૨૪નો ગુજરાત નશાબંધી (સુધારા) વટહુકમ | સન ૨૦૨૪નું વિધેયક ક્રમાંક-૧૧-સન ૨૦૨૪નું ગુજરાત નશાબંધી (સુધારા) વિધેયક | ૨૨/૦૮/૨૦૨૪ |

**પત્રક ક્રમાંકઃ- ૧૨**

**(જુઓ ફકરા ક્રમાંકઃ- ૮)**

**વૈધાનિક પ્રસ્તાવ (નિયમ-૧૦૦)**

| મળેલ સૂચનાઓની સંખ્યા | અગાઉના સત્રમાં બાકી રહેલ પ્રસ્તાવ | દાખલ કરેલી સૂચનાઓ | દાખલ કરેલી સૂચનાઓનો વિષય (ટૂંકમાં) | સૂચના આપનાર સભ્યશ્રીનું નામ | ચર્ચાયા તારીખ | પરિણામ | શેરો |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૧ | -- | ૧ | “પાણી (પ્રદૂષણ નિવારણ અને નિયંત્રણ) સુધારા અધિનિયમ, ૨૦૨૪”નો ગુજરાત રાજ્યમાં અમલ કરવા બાબતનો ભારતના બંધારણના અનુચ્છેદ-૨૫૨(૧) અન્વયેનો વૈધાનિક પ્રસ્તાવ | માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી મુળુભાઇ બેરા | ૨૨/૦૮/૨૦૨૪ | પ્રસ્તાવ પસાર કરવામાં આવ્યો. | - |

**પત્રક ક્રમાંક:- ૧૩**

**(જુઓ ફકરા ક્રમાંક:- ૯)**

## રાષ્ટ્રપતિ/રાજયપાલશ્રીની અનુમતિ મળેલાં વિધેયકો

| અ.નં. | વિધેયક | અનુમતિ મળ્યા તારીખ | સભાગૃહના મેજ ઉપર મૂકયા તારીખ | કોની અનુમતિ મળી છે |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | સન ૨૦૨૪નું વિધેયક ક્રમાંક-૫-સન ૨૦૨૪નું ગુજરાત યુનિવર્સિટી ઓફ ટ્રાન્સ્પ્લાન્ટેશન સાયન્સિઝ (સુધારા) વિધેયક | ૨૨/૦૩/૨૦૨૪ | ૨૧/૦૮/૨૦૨૪ | રાજ્યપાલશ્રી |
| ૨ | સન ૨૦૨૪નું વિધેયક ક્રમાંક-૭-સન ૨૦૨૪નું ગુજરાત સહકારી મંડળી (સુધારા) વિધેયક | ૨૨/૦૩/૨૦૨૪ | ૨૧/૦૮/૨૦૨૪ | રાજ્યપાલશ્રી |
| ૩ | સન ૨૦૨૪નું વિધેયક ક્રમાંક-૮-સન ૨૦૨૪નું ધીરુભાઇ અંબાણી ઈન્સ્ટીટ્યુટ ઓફ ઈન્ફર્મેશન એન્ડ કોમ્યુનિકેશન ટેક્નોલોજી (સુધારા) વિધેયક | ૨૨/૦૩/૨૦૨૪ | ૨૧/૦૮/૨૦૨૪ | રાજ્યપાલશ્રી |
| ૪ | સન ૨૦૨૪નું વિધેયક ક્રમાંક-૯-સન ૨૦૨૪નું ગુજરાત વિનિયોગ વિધેયક | ૨૨/૦૩/૨૦૨૪ | ૨૧/૦૮/૨૦૨૪ | રાજ્યપાલશ્રી |

**પત્રક ક્રમાંક:- ૧૪**

**(જુઓ ફકરા ક્રમાંક- ૧૧)**

**ધ્યાન દોરતી સૂચનાઓ (નિયમ-૧૧૬)**

| મળેલ સૂચનાઓની સંખ્યા | દાખલ કરેલી સૂચનાઓ | દાખલ કરેલ સૂચનાનો વિષય | | સૂચના આપનાર સભ્યશ્રીનું નામ | બાબત પર ધ્યાન દોર્યા તારીખ |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | | ૪ | ૫ |
| ૧૫ | ૦૮ (એકત્રિત કરતાં ૩, જેમાંથી ૦૧ સૂચના રજૂ થયેલ ન હતી.) | ૧. | કપાસ અને મગફળીના પાકને વ્યાપક નુકસાન | ડૉ. મહેન્દ્રભાઇ પાડલિયા (દિવાભાઇ માલમ, અરવિંદભાઇ લાડાણી અને અર્જુનભાઇ મોઢવાડીયા) | ૨૧/૦૮/૨૦૨૪ |
| | | ૨. | રાજ્યના દરીયા કિનારેથી પકડાયેલ ડ્રગ્સ. | શ્રી ભરતભાઇ પટેલ (નરેશભાઇ પટેલ અને પ્રધ્યુમનસિંહ જાડેજા) | ૨૩/૦૮/૨૦૨૪ |

**પત્રક ક્રમાંક:- ૧૫**

**(જુઓ ફકરા ક્રમાંક:- ૧૨)**

**જાહેર અગત્યની બાબત પર મંત્રીશ્રીઓનાં નિવેદનો (નિયમ-૪૪)**

| અ.નં. | નિવેદનનો વિષય ટૂંકમાં | નિવેદન કરનાર મંત્રીશ્રીનું નામ | નિવેદન કર્યા તારીખ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | કોક્લીયર ઈમ્પ્લાન્ટ સર્જરી બાદ કોક્લીયર મશીનનું એક્ષ્ટર્નલ સાઉન્ડ પ્રોસેસર ખોવાઈ/તુટી/બગડી જવું વગેરે કિસ્સાઓમાં કોક્લીયર ઈમ્પ્લાન્ટના એક્ષ્ટર્નલ પ્રોસેસર પુરા પાડવા અંગે | શ્રી ઋષિકેશ પટેલ<br>માનનીય આરોગ્ય મંત્રીશ્રી | ૨૩/૦૮/૨૦૨૪ |
| ૨ | રાજ્યમાં ભારે વરસાદના લીધે ખેતી અને બાગાયતી પાકોને થયેલ નુકસાન માટે વળતર આપવા અંગે | શ્રી રાઘવજીભાઈ પટેલ<br>માનનીય કૃષિ મંત્રીશ્રી | ૨૩/૦૮/૨૦૨૪ |

## પત્રક ક્રમાંક:- ૧૬

(જુઓ ફકરા ક્રમાંક:- ૧૪)

## પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટેનાં બાકી રહેતાં બિન સરકારી વિધેયકો

| અ.નં. | વિધેયક ક્રમાંક અને ટૂંકી સંજ્ઞા | વિભાગ | પ્રભારી સભ્યશ્રી | શેરો |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | સન ૨૦૨૩નું વિધેયક ક્રમાંક-૪-સન ૨૦૨૩નું ગુજરાત રોજગાર બાંયધરી વિધેયક | શ્રમ અને રોજગાર | શ્રી ઈમરાન ખેડાવાલા | સમયના અભાવે વિધેયક હાથ ધરી શકાયું નહિ. |
| ૨ | સન ૨૦૨૩નું વિધેયક ક્રમાંક-૫-સન ૨૦૨૩નું ગુજરાત અશાંત વિસ્તારોમાંની સ્થાવર મિલકતની તબદીલી પર પ્રતિબંધ મૂકવા તથા તે વિસ્તારોમાંની જગામાંથી ભાડૂતોને ખાલી કરાવવામાંથી રક્ષણ આપવા અંગેની જોગવાઈ (રદ કરવા) બાબત વિધેયક | મહેસૂલ | શ્રી ઈમરાન ખેડાવાલા | સમયના અભાવે વિધેયક હાથ ધરી શકાયું નહિ. |
| ૩ | સન ૨૦૨૩નું વિધેયક ક્રમાંક-૮-સન ૨૦૨૩નું ગુજરાત જાહેર સ્થળોએ વિરોધ પ્રદર્શન કરવા પર પ્રતિબંધ મૂકવા બાબત વિધેયક | ગૃહ | શ્રી પુનમચંદ બરંડા | સમયના અભાવે વિધેયક હાથ ધરી શકાયું નહિ. |
| ૪ | સન ૨૦૨૩નું વિધેયક ક્રમાંક-૯-સન ૨૦૨૩નું ગુજરાત પાણી પ્રદૂષણ (નિવારણ અને નદીઓનું શુદ્ધિકરણ) વિધેયક | વન અને પર્યાવરણ | શ્રી અમીત શાહ | સમયના અભાવે વિધેયક હાથ ધરી શકાયું નહિ. |
| ૫ | સન ૨૦૨૩નું વિધેયક ક્રમાંક-૧૩-સન ૨૦૨૩નું ગુજરાત બેરોજગારોને બેરોજગારી ભથ્થું ચૂકવવા બાબત વિધેયક | શ્રમ અને રોજગાર | શ્રી ઈમરાન ખેડાવાલા | સમયના અભાવે વિધેયક હાથ ધરી શકાયું નહિ. |
| ૬ | સન ૨૦૨૪નું વિધેયક ક્રમાંક-૨-સન ૨૦૨૩નું ગુજરાત રાજ્ય સ્થાનિક ઉમેદવારોને રોજગાર આપવા બાબત વિધેયક. | શ્રમ અને રોજગાર | શ્રી અર્જુન મોઢવાડીયા | સમયના અભાવે વિધેયક હાથ ધરી શકાયું નહિ. |

**પત્રક ક્રમાંક:- ૧૭**

**(જુઓ ફકરા ક્રમાંક:- ૨૪)**

**વિધાનસભાના મેજ ઉપર મૂકાયેલા કાગળો**

| અ.નં. | વિગત | સભાગૃહના મેજ ઉપર મૂકયા તારીખ |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧ | ગુજરાત જળસંપત્તિ વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૨૨-૨૩નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન | ૨૧/૦૮/૨૦૨૪ |
| ૨ | ગુજરાત રાજ્ય વન વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૨૨-૨૩નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન | ૨૧/૦૮/૨૦૨૪ |
| ૩ | ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડના સન ૨૦૨૨-૨૩ના વાર્ષિક હિસાબો અને ઓડિટ અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન | ૨૧/૦૮/૨૦૨૪ |
| ૪ | ગુજરાત સ્ટેટ પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૨૨-૨૩નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, કોર્પોરેશનની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મુકવામાં થયેલ વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન | ૨૨/૦૮/૨૦૨૪ |

| અ.નં. | વિગત | સભાગૃહના મેજ ઉપર મૂકયા તારીખ |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૫ | ગુજરાત વોટર ઈન્ફ્રાસ્ટ્રક્ચર લિમિટેડનો સન ૨૦૨૨-૨૩નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન | ૨૨/૦૮/૨૦૨૪ |
| ૬ | ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડનો સન ૨૦૨૩-૨૪નો વાર્ષિક અહેવાલ | ૨૨/૦૮/૨૦૨૪ |
| ૭ | ગુજરાત મેરીટાઈમ બોર્ડના સન ૨૦૨૨-૨૩ના વાર્ષિક હિસાબો અને આ હિસાબોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન | ૨૨/૦૮/૨૦૨૪ |
| ૮ | દહેજ સેઝ લિમિટેડનો સન ૨૦૨૨-૨૩નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, કંપનીની કામગીરી અંગેની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનાં કારણો દર્શાવતું નિવેદન | ૨૩/૦૮/૨૦૨૪ |
| ૯ અને ૧૦ | ગુજરાત ઘેટાં અને ઊન વિકાસ નિગમ લિમિટેડના સન ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩ના વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનાં કારણો દર્શાવતાં નિવેદન | ૨૩/૦૮/૨૦૨૪ |
| ૧૧ | ગુજરાત ડેરી વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૨૧-૨૨નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન | ૨૩/૦૮/૨૦૨૪ |

| અ.નં. | વિગત | સભાગૃહના મેજ ઉપર મૂકયા તારીખ |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧૨ | ગુજરાત રાજ્ય હાથશાળ અને હસ્તકલા વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૨૨-૨૩નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનાં કારણો દર્શાવતું નિવેદન | ૨૩/૦૮/૨૦૨૪ |
| ૧૩ અને ૧૪ | ગુજરાત રૂરલ ઇન્ડસ્ટ્રીઝ માર્કેટીંગ કોર્પોરેશન લિમિટેડના સન ૨૦૨૧-૨૨ તથા ૨૦૨૨-૨૩ના વાર્ષિક અહેવાલો, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, કોર્પોરેશનની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનાં કારણો દર્શાવતાં નિવેદન | ૨૩/૦૮/૨૦૨૪ |
| ૧૫ | ગુજરાત રાજ્ય પોલીસ આવાસ નિગમ લિમિટેડનો સન ૨૦૨૧-૨૨નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન | ૨૩/૦૮/૨૦૨૪ |
| ૧૬ થી ૧૮ | કામધેનુ યુનિવર્સિટીના સન ૨૦૧૬-૧૭ અને ૨૦૧૭-૧૮ના ઓડિટ અહેવાલ તથા સન ૨૦૨૨-૨૩નો વાર્ષિક અહેવાલ તેમજ આ અહેવાલોને સભાગૃહના મેજ ઉપર મુકવામાં થયેલા વિલંબ અંગેનાં કારણો દર્શાવતાં નિવેદન | ૨૩/૦૮/૨૦૨૪ |
| ૧૯ થી ૨૧ | ગુજરાત રાજ્ય ખાદી ગ્રામોદ્યોગ બોર્ડના સન ૨૦૧૪-૧૫ થી ૨૦૧૬-૧૭ સુધીના વાર્ષિક વહીવટી અહેવાલ અને હિસાબો તેમજ આ અહેવાલ અને હિસાબોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનાં કારણો દર્શાવતાં નિવેદન | ૨૩/૦૮/૨૦૨૪ |

| અ.નં. | વિગત | સભાગૃહના મેજ ઉપર મૂકયા તારીખ |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૨૨ અને ૨૩ | ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમનો સન ૨૦૨૨-૨૩નો વાર્ષિક અહેવાલ તથા વાર્ષિક હિસાબ અને તપાસણી અહેવાલ તેમજ આ અહેવાલોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનાં કારણો દર્શાવતાં નિવેદન | ૨૩/૦૮/૨૦૨૪ |
| ૨૪ થી ૨૬ | ગુજરાત રાજ્ય માનવ અધિકાર આયોગના સન ૨૦૨૦-૨૧ થી ૨૦૨૨-૨૩ સુધીના વાર્ષિક વહીવટી અહેવાલ તેમજ આ અહેવાલોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનાં કારણો દર્શાવતાં નિવેદન | ૨૩/૦૮/૨૦૨૪ |
| ૨૭ અને ૨૮ | ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમના સન ૨૦૨૩-૨૪ના સુધારેલા અંદાજો અને ૨૦૨૪-૨૫ના અંદાજો તથા સન ૨૦૨૦-૨૧નો વાર્ષિક હિસાબ અને ઓડિટ અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનાં કારણો દર્શાવતું નિવેદન | ૨૩/૦૮/૨૦૨૪ |
| ૨૯ | ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમનો સન ૨૦૨૨-૨૩નો વાર્ષિક વહીવટી અહેવાલ તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન | ૨૩/૦૮/૨૦૨૪ |
| ૩૦ | ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડના સન ૨૦૨૨-૨૩ના વાર્ષિક હિસાબો અને ઓડિટ અહેવાલ તેમજ આ હિસાબો અને અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન | ૨૩/૦૮/૨૦૨૪ |

**પત્રક ક્રમાંક:- ૧૮**

**(જુઓ ફકરા ક્રમાંક:-૨૬)**

**ખરેખર થયેલા કામકાજ પ્રમાણેની સભાઓની તારીખવાર યાદી**

| ઓગસ્ટ-૨૦૨૪ | |
|---|---|
| બુધવાર, તા.૨૧મી | (૧) **શોકદર્શક ઉલ્લેખો**<br>ગુજરાતના પૂર્વ રાજ્યપાલશ્રી સ્વ. ડૉ. કમલાજી બેનીવાલ, ગુજરાતના પૂર્વ રાજ્યકક્ષાના મંત્રી સ્વ.શ્રી બિપીનભાઇ ઈશ્વરભાઇ શાહ તથા ગુજરાતના પૂર્વ સભ્યો સ્વ.શ્રી શિવભદ્રસિંહ કુષ્ણકુમારસિંહજી ગોહિલ, સ્વ.શ્રી રત્નાભાઇ મનજીભાઇ ઠુંમર, સ્વ.શ્રી રામસિંહજી રૂપસિંહજી સોલંકી, સ્વ.શ્રી નંદકિશોર ત્રંબકલાલ દવે, સ્વ.શ્રી ખુરશીદહૈદર અબ્દુલમુત્તલીબ પીરઝાદા, સ્વ.શ્રી સામતભાઇ આલાભાઇ રાઠોડ અને સ્વ.શ્રી કરશનભાઇ દુલાભાઇ ઓડેદરાના અવસાન અંગેના શોકદર્શક ઉલ્લેખો.<br>(૨) **સરકારી વિધેયક**<br>સન ૨૦૨૪નું વિધેયક ક્રમાંક-૧૨-સન ૨૦૨૪નું ગુજરાત માનવ બલિદાન અને બીજી અમાનુષી, અનિષ્ટ અને અઘોરી પ્રથા અને કાળા જાદુ અટકાવવા અને (તેનું) નિર્મૂલન કરવા બાબત વિધેયક. |
| ગુરુવાર, તા.૨૨મી | (૧) **વૈધાનિક પ્રસ્તાવ (નિયમ-૧૦૦):**<br>માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી મુળુભાઇ બેરાનો ભારતના બંધારણના અનુચ્છેદ-૨૫૨(૧) અન્વયે ઠરાવ પસાર કરીને 'પાણી (પ્રદૂષણ નિવારણ અને નિયંત્રણ) સુધારા અધિનિયમ, ૨૦૨૪'નો ગુજરાત રાજ્યમાં અમલ કરવા બાબતનો પ્રસ્તાવ. |

| ઓગસ્ટ-૨૦૨૪ | |
|---|---|
| | (૨) **<u>સરકારી વિધેયકો</u>**<br>(૧) સન ૨૦૨૪નું વિધેયક ક્રમાંક-૧૩-સન ૨૦૨૪નું ગુજરાત માલ અને સેવા વેરા (સુધારા) વિધેયક.<br>(૨) સન ૨૦૨૪નું વિધેયક ક્રમાંક-૧૧-સન ૨૦૨૪નું ગુજરાત નશાબંધી (સુધારા) વિધેયક. |
| શુક્રવાર,<br>તા.૨૩મી | (૧) **<u>સરકારી વિધેયકો</u>**<br>(૧) સન ૨૦૨૪નું વિધેયક ક્રમાંક-૧૫-સન ૨૦૨૪નું ગુજરાત વિશેષ કોર્ટ વિધેયક.<br>(૨) સન ૨૦૨૪નું વિધેયક ક્રમાંક-૧૪-સન ૨૦૨૪નું ગુજરાત ખાનગી યુનિવર્સિટી (સુધારા) વિધેયક.<br>(૨) **છેલ્લા દિવસનો પ્રસ્તાવ (નિયમ-૧૦૨)** |

**પત્રક ક્રમાંક:- ૧૯**

**(જુઓ ફકરા ક્રમાંક:- ૨૭)**

**રોજેરોજના કામકાજનો સારાંશ**

**<u>બુધવાર, તા.૨૧મી ઓગસ્ટ, ૨૦૨૪</u>**

**(સભાગૃહની બેઠકની શરૂઆત "વંદેમાતરમ્" રાષ્ટ્રગીતની ધૂન સાથે કરવામાં આવી.)**

**૧.** ટૂંકી મુદતના પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબો આપવામાં આવ્યા હતા.

૨. **શોકદર્શક ઉલ્લેખો**

માનનીય મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલે ગુજરાતના પૂર્વ રાજ્યપાલ સ્વ. ડૉ. કમલાજી બેનીવાલ, ગુજરાતના પૂર્વ રાજ્યકક્ષાના મંત્રી સ્વ.શ્રી બિપીનભાઇ ઇશ્વરભાઇ શાહ તથા ગુજરાતના પૂર્વ સભ્યો સ્વ. શ્રી શિવભદ્રસિંહ કુષ્ણકુમારસિંહજી ગોહિલ, સ્વ.શ્રી રત્નાભાઇ મનજીભાઇ ઠુંમર, સ્વ.શ્રી રામસિંહજી રૂપસિંહજી સોલંકી, સ્વ.શ્રી નંદકિશોર ત્રંબકલાલ દવે, સ્વ.શ્રી ખુરશીદહૈદર અબ્દુલમુત્તલીબ પીરઝાદા, સ્વ.શ્રી સામતભાઇ આલાભાઇ રાઠોડ અને સ્વ.શ્રી કરશનભાઇ દુલાભાઇ ઓડેદરાના અવસાન અંગેના શોકદર્શક ઉલ્લેખો કર્યા અને સ્વર્ગસ્થોને અંજલિ આપી.

ત્યારબાદ કોંગ્રેસ પક્ષના માન. નેતાશ્રી અમીત ચાવડા, મંત્રીશ્રી રાઘવજીભાઇ પટેલ, સભ્યશ્રી જીતેન્દ્રભાઇ વાઘાણી, સભ્યશ્રી અર્જુનભાઇ મોઢવાડીયા, સભ્યશ્રી ધવલસિંહ ઝાલાએ પણ શોકદર્શક ઉલ્લેખોમાં પોતાનો સૂર પૂરાવી શ્રદ્ધાંજલિ આપી.

ત્યારબાદ માનનીય અધ્યક્ષશ્રીએ પણ શોકદર્શક ઉલ્લેખમાં સૂર પૂરાવ્યો અને સ્વર્ગસ્થોને શ્રદ્ધાંજલિ આપી.

ત્યારબાદ સર્વે સભ્યશ્રીઓએ ઊભા થઇને બે મિનિટ મૌન પાળ્યું.

ત્યારબાદ માનનીય અધ્યક્ષશ્રીએ સ્વર્ગસ્થોના કુટુંબીજનોને સભાગૃહની આ લાગણી પહોંચાડવામાં આવશે તે અંગેની જાહેરાત કરી.

## ૩. માનનીય અધ્યક્ષશ્રીની ટકોર

જ્યારે શોકદર્શક ઉલ્લેખો ચાલતા હોય તે દરમિયાન માનનીય સભ્યશ્રીઓ પોતાની નૈતિક જવાબદારીરૂપે વિધાનસભાના નિયમો અને ગૃહની ગરિમા જાળવવાના ઉદ્દેશથી અંદરોઅંદર વાતો કરી શકતા નથી તેમજ પોતાનું સ્થાન પણ છોડી શકતા નથી અને આ અંગેની જાણકારી તેમજ સૂચના પોતાના સભ્યશ્રીઓને આપવા બંને પક્ષના દંડકશ્રીઓને માનનીય અધ્યક્ષશ્રીએ જણાવ્યું હતું.

## ૪. તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ-૧૧૬)

સભ્ય ડૉ.મહેન્દ્રભાઇ પાડલિયાએ નિયમ-૧૧૬ અન્વયે "તાજેતરમાં પડેલ ભારે વરસાદના કારણે જૂનાગઢ, દેવભૂમિ દ્વારકા, પોરબંદર, રાજકોટ વગેરે જિલ્લાઓમાં કપાસ અને મગફળીના પાકને થયેલ નુકસાનના કારણે ખેડૂતોમાં ફેલાયેલ ચિંતાની લાગણી દૂર કરવા રાજ્ય સરકારે લીધેલાં કે લેવા ધારેલાં પગલાં" અંગેની તાકીદની જાહેર અગત્યની બાબત પર માનનીય કૃષિમંત્રીશ્રીનું ધ્યાન દોર્યું હતું.

માનનીય કૃષિ મંત્રીશ્રી રાઘવજીભાઇ પટેલે તેમનું લેખિત નિવેદન રજૂ કર્યું અને તેમાંથી ઉપસ્થિત થયેલા પ્રશ્નોના જવાબો આપ્યા હતા.

## ૫. સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

(૧) સન ૨૦૨૪નો વટહુકમ ક્રમાંક-૧-સન ૨૦૨૪નો ગુજરાત કાયદા (જોગવાઇઓના સુધારા) વટહુકમ તથા આ વટહુકમ બહાર પાડવા અંગેના સંજોગો સમજાવતું નિવેદન

(૨) સન ૨૦૨૪નો વટહુકમ ક્રમાંક-૨-સન ૨૦૨૪નો ગુજરાત નશાબંધી (સુધારા) વટહુકમ તથા આ વટહુકમ બહાર પાડવા અંગેના સંજોગો સમજાવતું નિવેદન

(૩) ગુજરાત જળસંપત્તિ વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૨૨-૨૩નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

(૪) ગુજરાત રાજ્ય વન વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૨૨-૨૩નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનાં કારણો દર્શાવતું નિવેદન

(૫) ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડના સન ૨૦૨૨-૨૩ના વાર્ષિક હિસાબો અને ઓડિટ અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનાં કારણો દર્શાવતું નિવેદન

(૬) સન ૧૯૭૨ના ગુજરાત આવશ્યક સેવા જાળવણી અધિનિયમ અન્વયેનું ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગનું તા.૦૨/૦૩/૨૦૨૪નું જાહેરનામાં ક્રમાંક: ઘઈ/૨૦૨૪-૧૫/જીયુવી-૧૧૨૦૧૦-૨૮૬૧-ક (પાર્ટ-૨)

## ૬. અનુમતિ મળેલ વિધેયકો વિધાનસભાના મેજ ઉપર મૂકવા

ઈન્ચાર્જ સચિવશ્રીએ, પંદરમી ગુજરાત વિધાનસભાના ચોથા સત્રમાં વિધાનસભાએ પસાર કરેલ અને જેને રાજ્યપાલશ્રીની અનુમતિ મળી છે, તેવા સન ૨૦૨૪ના વિધેયક ક્રમાંક-૫, ૭, ૮ અને ૯ સભાગૃહના મેજ ઉપર મૂકયા હતા.

## ૭. સભ્યશ્રીઓના રાજીનામા અંગે (નિયમ-૨૬૯)

માનનીય અધ્યક્ષશ્રીએ, ગુજરાત વિધાનસભાના સભ્યશ્રી અર્જુનભાઈ મોઢવાડીયા, ૮૩-પોરબંદરએ તા.૦૪/૦૩/૨૦૨૪, સભ્યશ્રી અરવિંદભાઈ લાડાણી, ૮૫-માણાવદરએ તા.૦૬/૦૩/૨૦૨૪, ગેનીબેન

ઠાકોર, ૭-વાવએ તા.૧૩/૦૬/૨૦૨૪ના રોજ સભ્યપદેથી રાજીનામા મને આપેલ છે, જેનો મેં સ્વીકાર કરેલ છે અને સભ્યશ્રી અર્જુનભાઇ મોઢવાડીયા અને સભ્યશ્રી અરવિંદભાઇ લાડાણી પેટા ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીના સભ્યપદેથી ચૂંટાઇને આવ્યા અંગેની જાહેરાત કરી હતી.

## ૮. વિધાનસભાની સમિતિના અહેવાલોની રજૂઆત

(૧) માનનીય અધ્યક્ષશ્રીએ કામકાજ સલાહકાર સમિતિનો સાતમો અહેવાલ સભાગૃહ સમક્ષ વાંચીને રજૂ કર્યો હતો.

(૨) અનુસૂચિત જનજાતિઓના કલ્યાણ માટેની સમિતિના પ્રમુખશ્રી અભેસિંહ તડવીએ સમિતિનો પહેલો અહેવાલ રજૂ કર્યો હતો.

## ૯. માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રીનો પ્રસ્તાવ

માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલે પ્રસ્તાવ રજૂ કર્યો કે, “આ સભાગૃહ, કામકાજ સલાહકાર સમિતિના સાતમા અહેવાલ સાથે સંમત થાય.”

પ્રસ્તાવ મત પર મુકવામાં આવ્યો અને સર્વાનુમતે તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

## ૧૦. માનનીય મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલનો સંકલ્પ (નિયમ-૧૨૦) (૯૦ મિનિટ)

માનનીય મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલે તાજેતરની લોકસભાની સામાન્ય ચૂંટણીમાં ભારતના નાગરિકોએ શ્રી નરેન્દ્રભાઇ મોદીજીને ભારતના પ્રધાનમંત્રી તરીકે ત્રીજી વખત દેશનું સુકાન સોંપ્યું અને તેમના નેતૃત્વમાં ટીમ મોદી સરકારના ત્રીજા અમૃતકાળમાં ભારત અનેક નવી સિદ્ધિઓ હાંસલ કરશે અને વિકસિત ભારતના લક્ષ્ય તરફ ઊંચી ઉડાન ભરશે અને વર્ષ ૨૦૪૭માં ભારતને વિકસિત ભારત બનાવવા માટે વિકસિત ગુજરાતના સ્વપ્નને સાકાર કરવા પુનઃ એક વાર પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબને ત્રીજા યશસ્વી કાર્યકાળ માટે અભિનંદન પાઠવતો સંકલ્પ રજૂ કર્યો હતો.

ઉપર્યુકત સંકલ્પમાં માન.સંસદીય બાબતોના મંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલ તથા રાજયકક્ષાના સહકાર મંત્રીશ્રી જગદીશભાઇ વિશ્વકર્મા સહિત કુલ ૧૧ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો હતો.

## ૧૧. સંકલ્પ પરની ચર્ચાનો સમય લંબાવવા અંગે

માન. મુખ્ય દંડકશ્રી બાળકૃષ્ણ શુકલે માન. મુખ્યમંત્રીશ્રીના સંકલ્પ પરનો જવાબ અને તેના ઉપર મતદાન પૂરું થાય ત્યાં સુધી સભાગૃહની બેઠકનો સમય લંબાવવાનો પ્રસ્તાવ રજૂ કરતા, કોંગ્રેસ પક્ષના દંડક શ્રી કિરીટકુમાર પટેલે સમર્થન કરતા, માનનીય અધ્યક્ષશ્રીએ તદ્‌નુસાર સંકલ્પ પરની ચર્ચાનો સમય લંબાવ્યો હતો. (બપોરના ૪-૩૭ કલાકે)

## ૧૨. માનનીય મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલનો સંકલ્પ (નિયમ-૧૨૦) (ક્રમશઃ)

ત્યારબાદ ચર્ચાનો જવાબ માનનીય મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલે આપ્યો હતો.

ત્યારબાદ સંકલ્પ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો હતો.

## ૧૩. સભાગૃહે મંજૂર કરી પસાર કરેલ સરકારી વિધેયક

સન ૨૦૨૪નું વિધેયક ક્રમાંક-૧૨-સન ૨૦૨૪નું ગુજરાત માનવ બલિદાન અને બીજી અમાનુષી, અનિષ્ટ અને અઘોરી પ્રથા અને કાળા જાદુ અટકાવવા અને (તેનું) નિર્મૂલન કરવા બાબત વિધેયક.

## ગુરુવાર, તા.૨૨મી ઓગસ્ટ, ૨૦૨૪

૧. ટૂંકી મુદતના પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબો આપવામાં આવ્યા હતા.

## ૨. દેખાવો અને સભાત્યાગ

પ્રશ્નોત્તરીના ટૂંકી મુદતના પ્રશ્ન ક્રમાંક-૮ની ચર્ચાની શરૂઆત થતા કોંગ્રેસ પક્ષના માન. નેતાશ્રી અમીત ચાવડા દ્વારા અમારા કોંગ્રેસ પક્ષના સભ્યશ્રીનો ટૂંકી મુદતનો પ્રશ્ન રદ કરવા સંબંધે અને અમારા પક્ષના

સભ્યશ્રીઓના પ્રશ્નો દાખલ કરવામાં આવતા ન હોવા અંગેનો મુદ્દો ઉઠાવતા, માનનીય અધ્યક્ષશ્રીએ ટૂંકી મુદતના પ્રશ્નો વિધાનસભાના નિયમો પ્રમાણે માનનીય મંત્રીશ્રીની સંમતિ હોય તો જ દાખલ થઇ શકે છે તે રીતની નિયમોમાં જોગવાઇ હોવાનું જણાવ્યું હતું.

ત્યારબાદ સભ્યશ્રી રમણલાલ વોરા, કોંગ્રેસ પક્ષના સભ્યશ્રી શૈલેષ પરમાર અને મંત્રીશ્રી બલવંતસિંહ રાજપૂતે પ્રશ્નો અંગેનાં પોતાના મંતવ્ય રજૂ કર્યા હતા.

આ તબક્કે કોંગ્રેસ પક્ષના સભ્યશ્રીઓ દ્વારા પોતાના સ્થાન ઉપર ઊભા થઇ, પ્લે-કાર્ડનું પ્રદર્શન કરતાં, ગૃહની ગરિમા જાળવવા અને સભાગૃહમાં આ રીતે પ્લે-કાર્ડનું પ્રદર્શન કરી દેખાવો કરી શકાતા નથી તેમ જણાવી, પ્લે-કાર્ડ બતાવી રહેલા સભ્યશ્રીઓ પાસેથી પ્લે-કાર્ડ લઇ લેવા માટે માનનીય અધ્યક્ષશ્રીએ સાર્જન્ટને આદેશ આપ્યો. માનનીય અધ્યક્ષશ્રીએ ટૂંકી મુદતના પ્રશ્નોની અંદર મંત્રીશ્રીએ જવાબ આપવો પડે એવો આગ્રહ નિયમ પ્રમાણે કરી શકાતો નથી તેમજ કોંગ્રેસ પક્ષના સભ્યશ્રીઓના ટૂંકી મુદતના પ્રશ્નો પણ દાખલ કરવામાં આવેલ હોવાનું જણાવ્યું. ત્યારબાદ પણ કોંગ્રેસ પક્ષના સભ્યશ્રીઓ દ્વારા સભાગૃહની કાર્યવાહીમાં સતત અવરોધ પહોંચાડવાનું ચાલુ રાખતા માનનીય અધ્યક્ષશ્રીએ કોંગ્રેસ પક્ષના સભાગૃહમાં હાજર રહેલા તમામ સભ્યશ્રીઓને નિયમ-પર હેઠળ નેઈમ કર્યા. જેનાથી નારાજ થઇ સભાગૃહમાં હાજર રહેલા કોંગ્રેસ પક્ષના તમામ સભ્યશ્રીઓ સભાત્યાગ કરી ગયા હતા.

**૩. સસ્પેન્શન**

માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલે ટૂંકી મુદતના પ્રશ્નોની શરૂઆત થતા જ કોંગ્રેસ પક્ષના સભ્યશ્રીઓ દ્વારા સભાગૃહમાં પ્લે-કાર્ડનું પ્રદર્શન દ્વારા દેખાવો કરી સભાગૃહની કાર્યવાહીમાં સતત ખલેલ પહોંચાડી હોવાથી તત્સમયે ગૃહમાં હાજર રહેલા કોંગ્રેસ પક્ષના તમામ સભ્યશ્રીઓને આજના દિવસની કાર્યવાહીમાંથી સસ્પેન્ડ કરવાનો પ્રસ્તાવ રજૂ કર્યો હતો, જેને ગૃહ રાજ્ય મંત્રીશ્રી હર્ષ સંઘવીએ સમર્થન આપ્યું હતું.

માનનીય અધ્યક્ષશ્રીએ પ્રસ્તાવ મત માટે મૂક્યો જેને મંજૂર કરવામાં આવ્યો હતો.

તદનુસાર માનનીય અધ્યક્ષશ્રીએ કોંગ્રેસ પક્ષના સભાગૃહમાં હાજર રહેલા અને નેઈમ કરાયેલા તમામ (સભ્યશ્રી અમીત ચાવડા, શ્રી શૈલેષભાઇ પરમાર, શ્રી કાંતિભાઇ ખરાડી, શ્રી અમૃતજી ઠાકોર, શ્રી દિનેશભાઇ ઠાકોર, ડૉ.કિરીટકુમાર ચી. પટેલ, ડૉ.તુષાર ચૌધરી, શ્રી ઈમરાન ખેડાવાલા, શ્રી વિમલભાઇ ચુડાસમા, શ્રી ગુલાબસિંહ ચૌહાણ, શ્રી અનંતકુમાર પટેલ) સભ્યશ્રીઓને તે દિવસની ગૃહની કાર્યવાહીમાંથી સસ્પેન્ડ કર્યા હતા.

## ૪. પ્રશ્નોત્તરી (ક્રમશઃ)

પ્રશ્નોત્તરી બપોરના ૧૨-૫૩ વાગે પૂરી થઇ.

## ૫. તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ-૧૧૬)

તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ-૧૧૬) આણંદ જિલ્લાના ગોપાલપુરા ગામ પાસે આવેલી સત્યેન્દ્ર પેકેજિંગ કંપનીમાં આગ લાગવા અંગે સૂચનાના પ્રભારી સભ્યશ્રી અમીત ચાવડાને ગૃહની કાર્યવાહીમાંથી સસ્પેન્ડ કરેલ હોવાથી સૂચના હાથ ધરી શકાઇ ન હતી.

## ૬. સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

(૧) ગુજરાત સ્ટેટ પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૨૨-૨૩નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, કોર્પોરેશનની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મુકવામાં થયેલ વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન.

(૨) ગુજરાત વોટર ઈન્ફ્રાસ્ટ્રકચર લિમિટેડનો સન ૨૦૨૨-૨૩નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનાં કારણો દર્શાવતું નિવેદન.

(૩) ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડનો સન ૨૦૨૩-૨૪નો વાર્ષિક અહેવાલ.

(૪) ગુજરાત મેરીટાઈમ બોર્ડના સન ૨૦૨૨-૨૩ના વાર્ષિક હિસાબો અને આ હિસાબોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન.

(૫) સન ૧૯૬૩ના ગુજરાત રાજ્ય બાંહેધરી અધિનિયમ અન્વયે,

(ક) નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ દરમ્યાન રાજ્ય સરકારે જે તે સંસ્થા વતી આપેલ બાંહેધરીઓની વિગતો દર્શાવતું પત્રક-૧

(ખ) બાંહેધરી આપનારની રૂએ જે તે સંસ્થા વતી સરકારે નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ દરમ્યાન ચૂકવેલ રકમની વિગતો દર્શાવતું પત્રક-૨

(ગ) બાંહેધરી આપનારની રૂએ જે તે સંસ્થા વતી સરકારે ચૂકવેલ રકમ પૈકી નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ દરમ્યાન જે તે સંસ્થાથી વસૂલ કરેલી વસૂલાતની વિગતો દર્શાવતું પત્રક-૩

## ૭. માનનીય અધ્યક્ષશ્રીની જાહેરાત

માનનીય અધ્યક્ષશ્રીએ જાહેર હિસાબ સમિતિમાં બે, અને પંચાયતી રાજ સમિતિમાં એક એમ કુલ ત્રણ ખાલી પડેલ જગ્યાઓ પર ચૂંટણી માટેના કાર્યક્રમની જાહેરાત કરી હતી.

## ૮. વિધાનસભાની સમિતિના અહેવાલોની રજૂઆત

(૧) અંદાજ સમિતિના પ્રમુખ શ્રીમતી મનીષાબેન વકીલે સમિતિનો ચોથો અહેવાલ રજૂ કર્યો હતો.

(૨) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના કલ્યાણ માટેની સમિતિના પ્રમુખશ્રી અલ્પેશ ઠાકોરે સમિતિનો પહેલો અહેવાલ રજૂ કર્યો હતો.

(૩) જાહેર સાહસો માટેની સમિતિના પ્રમુખશ્રી ગણપતસિંહ વસાવાએ સમિતિનો ચોથો અહેવાલ રજૂ કર્યો હતો.

## ૯. વૈધાનિક પ્રસ્તાવ (નિયમ-૧૦૦) (૬૦ મિનિટ)

માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી મુળુભાઇ બેરાએ ભારતના બંધારણના અનુચ્છેદ ૨૫૨(૧)અન્વયે પ્રસ્તાવ વાંચીને રજૂ કર્યો કે, "આ ગૃહ, સંસદ દ્વારા અધિનિયમિત કર્યા મુજબનો પાણી (પ્રદૂષણ નિવારણ અને નિયંત્રણ) સુધારા અધિનિયમ, ૨૦૨૪(સન ૨૦૨૪નો ક્રમાંક ૫મો) સંબંધિત સુધારા સાથે બહાલ રાખે છે."

ત્યારબાદ તેના સમર્થનમાં મંત્રીશ્રીએ પોતાનું મંતવ્ય રજૂ કર્યું હતું.

આ પ્રસ્તાવની ચર્ચામાં કુલ ૮ સભ્યશ્રીઓએ ભાગ લીધો હતો.

ચર્ચાનો જવાબ માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી મુળુભાઇ બેરાએ આપ્યો હતો.

ત્યારબાદ વૈધાનિક પ્રસ્તાવ મત પર મૂકવામાં આવ્યો હતો અને તેને સર્વાનુમતે સ્વીકારીને પ્રસ્તાવ પસાર કરવામાં આવ્યો હતો.

## ૧૦. સભાગૃહે મંજૂર કરી પસાર કરેલ સરકારી વિધેયકો

(૧) સન ૨૦૨૪નું વિધેયક ક્રમાંક-૧૩-સન ૨૦૨૪નું ગુજરાત માલ અને સેવા વેરા(સુધારા) વિધેયક.

(૨) સન ૨૦૨૪નું વિધેયક ક્રમાંક-૧૧-સન ૨૦૨૪નું ગુજરાત નશાબંધી (સુધારા) વિધેયક.

## <u>શુક્રવાર, તા.૨૩મી ઓગસ્ટ, ૨૦૨૪</u>

**૧.** ટૂંકી મુદતના પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબો આપવામાં આવ્યા હતા.

## ૨. તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ-૧૧૬)

સભ્યશ્રી ભરતભાઇ પટેલે નિયમ-૧૧૬ અન્વયે"ગુજરાત રાજ્યના કચ્છ, વલસાડ, નવસારી તથા અન્ય જિલ્લાઓના દરિયા કિનારેથી છેલ્લા ૧૫ દિવસમાં આશરે રૂ.૮૫૦ કરોડનું ડ્રગ્સ સઘન ચેકિંગ કરીને પોલીસ

દ્વારા પકડેલ છે ત્યારે રાજ્યનું યુવાધન બરબાદ ન થાય તે માટે રાજ્ય સરકારે લીધેલાં કે લેવાં ધારેલાં પગલાં."અંગેની તાકીદની જાહેર અગત્યની બાબત પર માનનીય મુખ્યમંત્રીશ્રી(ગૃહ)નું ધ્યાન દોર્યું.

ઉક્ત બાબતે માનનીય રાજ્ય કક્ષાના ગૃહમંત્રીશ્રી હર્ષ સંઘવીએ લેખિત નિવેદન રજૂ કર્યું હતું.

## ૩. સભ્યશ્રીને નિયમ-૫૧ હેઠળ ગૃહની કાર્યવાહીમાંથી દૂર કરવા અંગે

તાકીદની જાહેર અગત્યની બાબત ઉપર રાજ્ય કક્ષાના માનનીય ગૃહ મંત્રીશ્રી તેમના જવાબની શરૂઆતમાં ગૃહમાં થતી ચર્ચાને લાઇવ કરવા અંગે માનનીય અધ્યક્ષશ્રીને સૂચન કરી રહ્યા હતા તે દરમિયાન કોંગ્રેસ પક્ષના સભ્યશ્રી જીજ્ઞેશ મેવાણી દ્વારા ગુસ્સામાં ઊભા થઇ અન્ય એક ઘટનાનો ઉલ્લેખ કરીને તે બાબતની ચર્ચા લાઇવ કરવા પડકાર ફેકી વેલમાં આવી જતા, માનનીય અધ્યક્ષશ્રીએ સભ્યશ્રી મેવાણીને પોતાનું સ્થાન લેવા તથા નિયમોનું માન-સન્માન જાળવવા અને નિયમો વિરુદ્ધનું વર્તન ન કરવા વારંવારની અપીલ કરી હતી, વિરોધપક્ષના અન્ય સભ્યોશ્રીઓએ પોતાનું સ્થાન લેવા છતાં સભ્યશ્રી જીજ્ઞેશ મેવાણીએ પોતાનું સ્થાન ન લેતા માનનીય અધ્યક્ષશ્રીએ ગૃહની વેલમાં આવેલ સભ્યશ્રી મેવાણીને નિયમ-૫૧ હેઠળ સભાગૃહની તે દિવસની કાર્યવાહીમાંથી દૂર કર્યા હતા તેમજ સભ્યશ્રીને માનપૂર્વક બહાર લઇ જવા માટે સાર્જન્ટને આદેશ કર્યો હતો.

તદ્નુસાર સભ્યશ્રી જીજ્ઞેશ મેવાણીને સાર્જન્ટ દ્વારા બહાર લઇ જવામાં આવ્યા હતા.

## ૪. તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ-૧૧૬) (ક્રમશઃ)

ત્યારબાદ માનનીય રાજ્ય કક્ષાના ગૃહ મંત્રીશ્રી હર્ષ સંઘવીએ તેમાંથી ઉપસ્થિત થયેલા પ્રશ્નોના જવાબો આપ્યા હતા.

## ૫. મંત્રીશ્રીઓના નિવેદન (નિયમ-૪૪)

(૧) માનનીય આરોગ્ય મંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલે જન્મજાત બહેરાશ ધરાવતા બાળકમાં એકમાત્ર સારવાર કોક્લિયર ઈમ્પ્લાન્ટ સર્જરી વિનામૂલ્યે કર્યા બાદ આ કોક્લિયર ઈમ્પ્લાન્ટ સર્જરી કરેલ બાળકોમાં કોક્લિયર મશીનનું એક્ષ્ટરનલ સાઉન્ડ પ્રોસેસર ખોવાઇ જવું, તૂટી જવું કે કામ કરતું બંધ પડી જવાના કિસ્સાઓ ધ્યાને આવતા, તેમજ વોરંટી પૂર્ણ થઇ ગયેલા કિસ્સાઓમાં પ્રોસેસર બદલવાની જરૂર જણાશે તો તેનો સંપૂર્ણ ખર્ચ રાજ્ય સરકાર ભોગવશે તે અંગેના સરકારના નિર્ણયની જાહેરાત કરતું નિયમ-૪૪ હેઠળનું નિવેદન સભાગૃહમાં રજૂ કર્યું હતું.

(૨) માનનીય કૃષિ મંત્રીશ્રી રાઘવજીભાઇ પટેલે તાજેતરમાં જુલાઇ-૨૦૨૪ માસના બીજા પખવાડિયામાં કેટલાક જિલ્લાઓમાં ભારે વરસાદથી ખેતી તેમજ બાગાયતી પાકો અસરગ્રસ્ત થવાથી સરકારશ્રી દ્વારા કુલ અસરગ્રસ્ત વિસ્તારો માટે અંદાજિત કુલ રૂપિયા ૩૫૦/- કરોડની માતબર રકમ પાક નુકસાનીની સહાય પેટે આપવાના નિર્ણયની જાહેરાત કરતું નિયમ-૪૪ હેઠળનું નિવેદન રજૂ કર્યું હતું.

## ૬. સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

(૧) ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડીટર જનરલના સન ૨૦૨૨-૨૩ના વર્ષના રાજ્યની નાણાકીય પરિસ્થિતિ પરનો ઓડીટ અહેવાલ (અંગ્રેજી અને ગુજરાતી)

(૨) દહેજ સેઝ લિમિટેડનો સન ૨૦૨૨-૨૩નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, કંપનીની કામગીરી અંગેની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનાં કારણો દર્શાવતું નિવેદન

(૩) ગુજરાત ઘેટાં અને ઊન વિકાસ નિગમ લિમિટેડના સન ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩ના વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનાં કારણો દર્શાવતાં નિવેદન

(૪) ગુજરાત ડેરી વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૨૧-૨૨નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

(૫) ગુજરાત રાજ્ય હાથશાળ અને હસ્તકલા વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૨૨-૨૩નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનાં કારણો દર્શાવતું નિવેદન

(૬) ગુજરાત રૂરલ ઈન્ડસ્ટ્રીઝ માર્કેટીંગ કોર્પોરેશન લિમિટેડના સન ૨૦૨૧-૨૨ તથા ૨૦૨૨-૨૩ના વાર્ષિક અહેવાલો, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, કોર્પોરેશનની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનાં કારણો દર્શાવતાં નિવેદન

(૭) ગુજરાત રાજ્ય પોલીસ આવાસ નિગમ લિમિટેડનો સન ૨૦૨૧-૨૨નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

(૮) કામધેનુ યુનિવર્સિટીના સન ૨૦૧૬-૧૭ અને ૨૦૧૭-૧૮ના ઓડિટ અહેવાલ તથા સન ૨૦૨૨-૨૩નો વાર્ષિક અહેવાલ તેમજ આ અહેવાલોને સભાગૃહના મેજ ઉપર મુકવામાં થયેલા વિલંબ અંગેનાં કારણો દર્શાવતાં નિવેદન

(૯) ગુજરાત રાજ્ય ખાદી ગ્રામોદ્યોગ બોર્ડના સન ૨૦૧૪-૧૫ થી ૨૦૧૬-૧૭ સુધીના વાર્ષિક વહીવટી અહેવાલ અને હિસાબો તેમજ આ અહેવાલ અને હિસાબોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનાં કારણો દર્શાવતાં નિવેદન

(૧૦) ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમનો સન ૨૦૨૨-૨૩નો વાર્ષિક અહેવાલ તથા વાર્ષિક હિસાબ અને તપાસણી અહેવાલ તેમજ આ અહેવાલોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનાં કારણો દર્શાવતાં નિવેદન

(૧૧) ગુજરાત રાજ્ય માનવ અધિકાર આયોગના સન ૨૦૨૦-૨૧ થી ૨૦૨૨-૨૩ સુધીના વાર્ષિક વહીવટી અહેવાલ તેમજ આ અહેવાલોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનાં કારણો દર્શાવતાં નિવેદન

(૧૨) ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમના સન ૨૦૨૩-૨૪ના સુધારેલા અંદાજો અને ૨૦૨૪-૨૫ના અંદાજો તથા સન ૨૦૨૦-૨૧નો વાર્ષિક હિસાબ અને ઓડિટ અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનાં કારણો દર્શાવતું નિવેદન

(૧૩) ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમનો સન ૨૦૨૨-૨૩નો વાર્ષિક વહીવટી અહેવાલ તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

(૧૪) ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડના સન ૨૦૨૨-૨૩ના વાર્ષિક હિસાબો અને ઓડિટ અહેવાલ તેમજ આ હિસાબો અને અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

## ૭. વિધાનસભાની સમિતિઓના અહેવાલોની રજૂઆત

(૧) ગૌણ વિધાન સમિતિના પ્રમુખ શ્રી અનિરુદ્ધ દવેએ સમિતિનો પ્રથમ અહેવાલ રજૂ કર્યો હતો.

(૨) અનુસૂચિત જનજાતિઓના કલ્યાણ માટેની સમિતિના પ્રમુખ શ્રી અભેસિંહ તડવીએ સમિતિનો બીજો અહેવાલ રજૂ કર્યો હતો.

(૩) અનુસૂચિત જાતિઓના કલ્યાણ માટેની સમિતિના સભ્ય શ્રીમતી મનીષાબેન વકીલે સમિતિનો ત્રીજો અહેવાલ રજૂ કર્યો હતો.

(૪) સભાગૃહની બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિના પ્રમુખશ્રી મહેશ કસવાલાએ સમિતિનો બીજો અહેવાલ રજૂ કર્યો હતો.

(૫) જાહેર હિસાબ સમિતિના પ્રમુખ શ્રી જીતેન્દ્રભાઇ વાઘાણીએ સમિતિનો બીજો અહેવાલ રજૂ કર્યો હતો.

## ૮. સમિતિના પ્રમુખશ્રીનો પ્રસ્તાવ

સભાગૃહની બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિના પ્રમુખશ્રી મહેશ કસવાલાએ પ્રસ્તાવ રજૂ કર્યો કે, “આ સભાગૃહ, સભાગૃહની બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિના બીજા અહેવાલ સાથે સંમત થાય.”

પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો હતો.

## ૯. સભાગૃહે મંજૂર કરી પસાર કરેલ સરકારી વિધેયકો

(૧) સન ૨૦૨૪નું વિધેયક ક્રમાંક-૧૫-સન ૨૦૨૪નું ગુજરાત વિશેષ કોર્ટ વિધેયક

(૨) સન ૨૦૨૪નું વિધેયક ક્રમાંક-૧૪-સન ૨૦૨૪નું ગુજરાત ખાનગી યુનિવર્સિટી(સુધારા) વિધેયક

## ૧૦. છેલ્લા દિવસનો પ્રસ્તાવ (નિયમ-૧૦૨)

## સભ્યશ્રી અમીત ચાવડાનો પ્રસ્તાવ ( ૬૦ મિનિટ)

કોંગ્રેસ પક્ષના નેતા શ્રી અમીત ચાવડાએ **Collection of statistics Act, 2008 હેઠળ "રાજ્યમાં સામાજિક-આર્થિક ગણતરી"** અંગેનો પ્રસ્તાવ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યક્ત કર્યું.

## ૧૧. પોઈન્ટ ઓફ ઓર્ડર

સભ્યશ્રી અર્જુનભાઇ મોઢવાડીયાએ કોંગ્રેસ પક્ષના નેતાશ્રી અમીત ચાવડાના છેલ્લા દિવસના પ્રસ્તાવ અંગે નામદાર સુપ્રીમકોર્ટનું જે ક્વોટેશન ટાંકીને વાત કરેલ છે જે તદન વિરુદ્ધનું હોવાનું એટલે કે સુપ્રીમકોર્ટે એમ્પિરિકલ ડેટા મેળવવાનો આદેશ કરેલ હોવા અંગેનું જણાવી આ અંગેનો પોઇન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કરી માનનીય અધ્યક્ષશ્રીનું માર્ગદર્શન માગ્યું હતું.

પ્રસ્તુત મુદ્દાના અનુસંધાનમાં આરોગ્ય મંત્રીશ્રી ઋષિકેશ પટેલે વિધાનસભાના નિયમોના નિયમમાં પાના નં.૩૮ ઉપર નિયમ-૯૭(૧) ની જોગવાઇ તરફ માનનીય અધ્યક્ષશ્રીનું ધ્યાન ધ્યાન દોર્યું હતું.

માનનીય અધ્યક્ષશ્રીએ, નિયમ-૯૭(૧) ની જોગવાઇમાં અધિસૂચનાથી ઉમેરેલ શબ્દો અંગે જણાવ્યું. ત્યારબાદ માન. અધ્યક્ષશ્રીએ નિયમ-૧૦૨ના પેટા નિયમ-(૭) મુજબ નિયમ ૧૦૨ હેઠળના પ્રસ્તાવ ગૃહના મત માટે મુકવાની જરૂર નથી, જેથી આવા પ્રસ્તાવમાં સુધારો સૂચવવાની પરવાનગી આપવી નિરર્થક હોવા અંગેનું જણાવી છેલ્લા દિવસના પ્રસ્તાવમાં સુધારો કરી શકાશે નહિ તેમ નિયમો માટેની સમિતિએ ઠરાવેલ હોઇ હાલના પ્રસ્તાવમાં સુધારો ન થઇ શકે તેમ જણાવ્યું. સભ્યશ્રી મોઢવાડીયાએ પોતે રજૂ કરેલ બાબત ગૃહનું ધ્યાન દોરવા પૂરતું બરાબર છે તેમ જણાવ્યું હતું. તદ્નુસાર માનનીય અધ્યક્ષશ્રીએ પોઈન્ટ ઓફ ઓર્ડરને અમાન્ય ઠરાવી આ બાબતને હકારાત્મક લઇ ચર્ચા કરવા ઠરાવ્યું હતું.

## ૧૨. છેલ્લા દિવસનો પ્રસ્તાવ (નિયમ-૧૦૨)(ક્રમશઃ)

આ પ્રસ્તાવની ચર્ચામાં માન. સંસદીય બાબતોના મંત્રીશ્રી ઋષિકેશ પટેલ સહિત કુલ ૪ સભ્યશ્રીઓએ ભાગ લીધો હતો.

## ૧૩. સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા અતારાંકિત પ્રશ્નો અને તેના જવાબો (નિયમ-૮૭-ક)

ઈન્ચાર્જ સચિવશ્રીએ, ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૮૭(ક) અન્વયે ૮૭ અતારાંકિત પ્રશ્નો અને તેના જવાબો સભાગૃહના મેજ ઉપર મૂક્યા હતા.

## ૧૪. સભાગૃહની બેઠક અનિશ્ચિત મુદત માટે મુલતવી રાખવા અંગે

માનનીય અધ્યક્ષશ્રીએ સાંજના ૬-૦૨ કલાકે વિધાનસભાના નિયમોના નિયમ ૯(૧) અન્વયે સભાગૃહની બેઠક અનિશ્ચિત મુદત માટે મુલતવી રાખી હતી.

ત્યારબાદ **"વંદેમાતરમ્"** રાષ્ટ્રીય ગીતની ધૂન વગાડવામાં આવી હતી.

**પત્રક ક્રમાંક:- ૨૦**

**(જુઓ ફકરા ક્રમાંક:- ૨૮)**

**સત્રમાં સભ્યશ્રીઓએ કેટલી વખત ચર્ચામાં ભાગ લીધો તેની સંખ્યા દર્શાવતું પત્રક**

| મત વિસ્તાર ક્રમાંક | સભ્યશ્રીનું નામ | વિધેયકો | | અંદાજપત્ર પર ચર્ચા | પ્રસ્તાવો | | | રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા | સંકલ્પો | | વૈધાનિક મંડળોના કામકાજ પર ચર્ચા | વિધાન સભાની સમિતિઓના અહેવાલ અને બીજા અહેવાલ પર ચર્ચા | અન્ય બાબતો | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | સરકારી વિધેયકો પર ચર્ચા | બિન સરકારી વિધેયકો પર ચર્ચા | | સભા મોકૂફીના પ્રસ્તાવો પર ચર્ચા | મંત્રી મંડળમાં અવિશ્વાસ વ્યક્ત કરતા પ્રસ્તાવ પર ચર્ચા | બીજા પ્રસ્તાવો સરકારી તેમજ બિન સરકારી સભ્યોના પ્રસ્તાવો પર ચર્ચા | | સરકારી સંકલ્પો | બિન સરકારી સંકલ્પો | | | | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ |
| ૧ | જાડેજા શ્રી પ્રધ્યુમનસિંહ મ. | - | - | - | - | - | ૧ | - | - | - | - | - | - | ૧ |
| ૨ | દવે શ્રી અનિરૂધ્ધ ભા. | ૧ | - | - | - | - | ૧ | - | ૧ | - | - | - | - | ૩ |
| ૩ | પટેલ શ્રી કેશુભાઇ શી. | ૧ | - | - | - | - | - | - | - | - | - | - | - | ૧ |
| ૮ | ચૌધરી શ્રી શંકરભાઇ લ. (માન.અધ્યક્ષશ્રી) | - | - | - | - | - | - | - | - | - | - | ૧ | ૧ | ૨ |
| ૧૩ | માળી શ્રી પ્રવીણકુમાર ગો. | ૧ | - | - | - | - | - | - | - | - | - | - | - | ૧ |
| ૧૪ | ચૌહાણ શ્રી કેશાજી શિ. | - | - | - | - | - | - | - | ૧ | - | - | - | - | ૧ |
| ૧૫ | ઠાકોર શ્રી અમૃતજી મો. | ૧ | - | - | - | - | - | - | - | - | - | - | - | ૧ |
| ૧૮ | પટેલ શ્રી કિરીટકુમાર ચી. | ૩ | - | - | - | - | - | - | - | - | - | - | - | ૩ |
| ૨૧ | પટેલ શ્રી કિરીટકુમાર કે. | ૧ | - | - | - | - | - | - | - | - | - | - | - | ૧ |
| ૨૨ | પટેલ શ્રી ઋષિકેશ ગ. (માન.મંત્રીશ્રી) | - | - | - | - | - | ૧ | - | ૧ | - | - | - | ૧ | ૩ |
| ૨૬ | ચાવડા ડૉ. સી. જે. | ૧ | - | - | - | - | - | - | - | - | - | - | - | ૧ |

| મત વિસ્તાર ક્રમાંક | સભ્યશ્રીનું નામ | વિધેયકો | | અંદાજપત્ર પર ચર્ચા | પ્રસ્તાવો | | | રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા | સંકલ્પો | | વૈધાનિક મંડળોના કામકાજ પર ચર્ચા | વિધાન સભાની સમિતિઓના અહેવાલ અને બીજા અહેવાલ પર ચર્ચા | અન્ય બાબતો | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | સરકારી વિધેયકો પર ચર્ચા | બિન સરકારી વિધેયકો પર ચર્ચા | | સભા મોકૂફીના પ્રસ્તાવો પર ચર્ચા | મંત્રી મંડળમાં અવિશ્વાસ વ્યક્ત કરતા પ્રસ્તાવ પર ચર્ચા | બીજા પ્રસ્તાવો સરકારી તેમજ બિન સરકારી સભ્યોના પ્રસ્તાવો પર ચર્ચા | | સરકારી સંકલ્પો | બિન સરકારી સંકલ્પો | | | | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ |
| ૨૭ | ઝાલા શ્રી વિનેન્દ્રસિંહ દિ. | ૧ | - | - | - | - | - | - | - | - | - | - | - | ૧ |
| ૨૮ | વોરા શ્રી રમણલાલ ઈ. | - | - | - | - | - | ૧ | - | - | - | - | - | - | ૧ |
| ૩૦ | બરંડા શ્રી પી. સી. | ૧ | - | - | - | - | - | - | - | - | - | - | - | ૧ |
| ૩૨ | ઝાલા શ્રી ધવલસિંહ ન. | - | - | - | - | - | - | - | - | - | - | - | ૧ | ૧ |
| ૪૦ | પટેલ શ્રી કનુભાઈ ક. | ૧ | - | - | - | - | - | - | - | - | - | - | - | ૧ |
| ૪૧ | પટેલ શ્રી ભુપેન્દ્રભાઈ ર. (માન.મુખ્યમંત્રીશ્રી ) | - | - | - | - | - | - | - | ૧ | - | - | - | ૧ | ૨ |
| ૪૪ | શાહ શ્રી અમીત | ૧ | - | - | - | - | - | - | - | - | - | - | - | ૧ |
| ૪૬ | વિશ્વકર્મા શ્રી જગદીશ (માન.મંત્રીશ્રી) | - | - | - | - | - | - | - | ૧ | - | - | - | - | ૧ |
| ૫૧ | જૈન શ્રી કૌશિકભાઈ સુ. | ૧ | - | - | - | - | - | - | - | - | - | - | - | ૧ |
| ૫૩ | ભટ્ટ શ્રી અમુલ | ૧ | - | - | - | - | ૧ | - | - | - | - | - | - | ૨ |
| ૫૪ | પરમાર શ્રી શૈલેષ મ. | ૨ | - | - | - | - | - | - | - | - | - | - | - | ૨ |
| ૬૨ | મકવાણા શ્રી જગદીશ પ્ર. (માન.નાયબ મુખ્યદંડકશ્રી) | ૧ | - | - | - | - | - | - | - | - | - | - | - | ૧ |
| ૬૪ | વરમોરા શ્રી પ્રકાશભાઈ પ. | ૧ | - | - | - | - | - | - | - | - | - | - | - | ૧ |
| ૬૮ | કાનગડ શ્રી ઉદય | - | - | - | - | - | - | - | ૧ | - | - | - | - | ૧ |

| મત વિસ્તાર ક્રમાંક | સભ્યશ્રીનું નામ | વિધેયકો | | અંદાજપત્ર પર ચર્ચા | પ્રસ્તાવો | | | રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા | સંકલ્પો | | વૈધાનિક મંડળોના કામકાજ પર ચર્ચા | વિધાન સભાની સમિતિઓના અહેવાલ અને બીજા અહેવાલ પર ચર્ચા | અન્ય બાબતો | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | સરકારી વિધેયકો પર ચર્ચા | બિન સરકારી વિધેયકો પર ચર્ચા | | સભા મોકૂફીના પ્રસ્તાવો પર ચર્ચા | મંત્રી મંડળમાં અવિશ્વાસ વ્યક્ત કરતા પ્રસ્તાવ પર ચર્ચા | બીજા પ્રસ્તાવો સરકારી તેમજ બિન સરકારી સભ્યોના પ્રસ્તાવો પર ચર્ચા | | સરકારી સંકલ્પો | બિન સરકારી સંકલ્પો | | | | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ |
| ૬૯ | શાહ ડૉ. દર્શીતા | ૧ | - | - | - | - | - | - | - | - | - | - | - | ૧ |
| ૭૫ | પાડલીયા ડૉ. મહેન્દ્રભાઈ | ૧ | - | - | - | - | - | - | - | - | - | - | ૧ | ૨ |
| ૭૭ | પટેલ શ્રી રાઘવજીભાઈ હ. (માન.મંત્રીશ્રી) | - | - | - | - | - | - | - | - | - | - | - | ૨ | ૨ |
| ૭૮ | જાડેજા શ્રીમતી રીવાબા ર. | ૧ | - | - | - | - | - | - | - | - | - | - | - | ૧ |
| ૮૦ | આહિર શ્રી હેમંતભાઈ હ. | ૧ | - | - | - | - | - | - | - | - | - | - | - | ૧ |
| ૮૧ | બેરા શ્રી મુળુભાઈ હ. (માન.મંત્રીશ્રી) | - | - | - | - | - | ૧ | - | - | - | - | - | - | ૧ |
| ૮૩ | મોઢવાડીયા શ્રી અર્જુનભાઈ દે. | ૧ | - | - | - | - | ૧ | - | - | - | - | - | ૨ | ૪ |
| ૮૫ | લાડાણી શ્રી અરવિંદભાઈ જી. | - | - | - | - | - | - | - | - | - | - | - | ૧ | ૧ |
| ૯૦ | ચુડાસમા શ્રી વિમભાઈ કા. | - | - | - | - | - | - | - | - | - | - | - | ૧ | ૧ |
| ૯૨ | વાજા ડૉ. પ્રધુમન | ૧ | - | - | - | - | - | - | - | - | - | - | - | ૧ |
| ૯૫ | વેકરીયા શ્રી કૌશિક કા. (માન.નાયબ મુખ્યદંડકશ્રી) | ૧ | - | - | - | - | - | - | - | - | - | - | - | ૧ |
| ૯૭ | કસવાલા શ્રી મહેશ | - | - | - | - | - | ૧ | - | - | - | - | - | - | ૧ |

| મત વિસ્તાર ક્રમાંક | સભ્યશ્રીનું નામ | વિધેયકો | | અંદાજપત્ર પર ચર્ચા | પ્રસ્તાવો | | | રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા | સંકલ્પો | | વૈધાનિક મંડળોના કામકાજ પર ચર્ચા | વિધાન સભાની સમિતિઓના અહેવાલ અને બીજા અહેવાલ પર ચર્ચા | અન્ય બાબતો | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | સરકારી વિધેયકો પર ચર્ચા | બિન સરકારી વિધેયકો પર ચર્ચા | | સભા મોકૂફીના પ્રસ્તાવો પર ચર્ચા | મંત્રી મંડળમાં અવિશ્વાસ વ્યક્ત કરતા પ્રસ્તાવ પર ચર્ચા | બીજા પ્રસ્તાવો સરકારી તેમજ બિન સરકારી સભ્યોના પ્રસ્તાવો પર ચર્ચા | | સરકારી સંકલ્પો | બિન સરકારી સંકલ્પો | | | | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ |
| ૧૦૫ | વાઘાણી શ્રી જીતેન્દ્રભાઈ સ. | - | - | - | - | - | - | - | ૧ | - | - | - | ૧ | ૨ |
| ૧૦૭ | મકવાણા શ્રી ઉમેશભાઈ ના. | ૪ | - | - | - | - | ૧ | - | - | - | - | - | - | ૫ |
| ૧૧૦ | ચાવડા શ્રી અમીત | ૧ | - | - | - | - | ૧ | - | ૧ | - | - | - | ૨ | ૫ |
| ૧૧૨ | પટેલ યોગેશ આર. | ૧ | - | - | - | - | - | - | - | - | - | - | - | ૧ |
| ૧૨૫ | સુથાર શ્રીમતી નિમિષાબેન મ. | - | - | - | - | - | - | - | ૧ | - | - | - | - | ૧ |
| ૧૩૨ | કિશોરી શ્રી કનૈયાલાલ બ. | ૧ | - | - | - | - | - | - | - | - | - | - | - | ૧ |
| ૧૩૯ | તડવી શ્રી અભેસિંગ મો. | - | - | - | - | - | - | - | - | - | - | ૧ | - | ૧ |
| ૧૪૧ | વકીલ શ્રીમતી મનિષા રા. | - | - | - | - | - | - | - | ૧ | - | - | - | - | ૧ |
| ૧૪૨ | રોકડિયા શ્રી કેયુર ના. | ૧ | - | - | - | - | - | - | - | - | - | - | - | ૧ |
| ૧૪૩ | દેસાઈ શ્રી ચૈતન્ય મ. | - | - | - | - | - | ૧ | - | - | - | - | - | - | ૧ |
| ૧૪૬ | ઝાલા શ્રી ચૈતન્યસિંહ પ્ર. | ૧ | - | - | - | - | - | - | - | - | - | - | - | ૧ |
| ૧૪૯ | વસાવા શ્રી ચૈતરભાઈ દા. | - | - | - | - | - | ૧ | - | - | - | - | - | - | ૧ |
| ૧૫૦ | શ્રી ડી. કે. સ્વામી | ૧ | - | - | - | - | - | - | - | - | - | - | - | ૧ |

| મત વિસ્તાર ક્રમાંક | સભ્યશ્રીનું નામ | વિધેયકો | | અંદાજપત્ર પર ચર્ચા | પ્રસ્તાવો | | | રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા | સંકલ્પો | | વૈધાનિક મંડળોના કામકાજ પર ચર્ચા | વિધાન સભાની સમિતિઓના અહેવાલ અને બીજા અહેવાલ પર ચર્ચા | અન્ય બાબતો | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | સરકારી વિધેયકો પર ચર્ચા | બિન સરકારી વિધેયકો પર ચર્ચા | | સભા મોકૂફીના પ્રસ્તાવો પર ચર્ચા | મંત્રી મંડળમાં અવિશ્વાસ વ્યક્ત કરતા પ્રસ્તાવ પર ચર્ચા | બીજા પ્રસ્તાવો સરકારી તેમજ બિન સરકારી સભ્યોના પ્રસ્તાવો પર ચર્ચા | | સરકારી સંકલ્પો | બિન સરકારી સંકલ્પો | | | | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ |
| ૧૫૮ | પાનસેરીયા શ્રી પ્રફુલ (માન.મંત્રીશ્રી) | ૧ | - | - | - | - | - | - | - | - | - | - | - | ૧ |
| ૧૬૩ | પાટીલ શ્રીમતી સંગીતાબેન રા. | - | - | - | - | - | ૧ | - | - | - | - | - | - | ૧ |
| ૧૬૫ | સંઘવી શ્રી હર્ષ ર. (માન.રા.ક.મંત્રીશ્રી) | ૩ | - | - | - | - | - | - | - | - | - | - | ૧ | ૪ |
| ૧૬૭ | મોદી શ્રી પૂર્ણેશ | - | - | - | - | - | - | - | ૧ | - | - | - | - | ૧ |
| ૧૭૬ | પટેલ શ્રી નરેશભાઇ મ. | - | - | - | - | - | ૧ | - | ૧ | - | - | - | - | ૨ |
| ૧૭૯ | પટેલ શ્રી ભરતભાઇ કી. | - | - | - | - | - | - | - | - | - | - | - | ૧ | ૧ |
| ૧૮૦ | દેસાઇ શ્રી કનુભાઇ મો. (માન.મંત્રીશ્રી) | ૧ | - | - | - | - | - | - | - | - | - | - | - | ૧ |

**પત્રક ક્રમાંક:- ૨૧**

**(જુઓ ફકરા ક્રમાંક:- ૨૯)**

**સત્ર દરમિયાન નીચે દર્શાવેલ કુલ - ૦૯(નવ) મહાનુભાવોના અવસાન અંગેના શોકદર્શક ઉલ્લેખો કરવામાં આવ્યા હતા.**

| ક્રમ | નામ | અવસાનની તારીખ | શોક પ્રસ્તાવ સભાગૃહમાં રજૂ થયા તારીખ | રિમાર્કસ |
|---|---|---|---|---|
| ૧ | સ્વ. શ્રીમતી ડૉ. કમલાજી બેનીવાલ<br>ગુજરાતના પૂર્વ રાજયપાલશ્રી | ૧૫/૦૫/૨૦૨૪ | ૨૧/૦૮/૨૦૨૪ | સદગત મહાનુભાવને ગૃહમાં જ અંજલી આપ્યા બાદ સભ્યશ્રીઓએ ઉભા થઈને બે મિનિટ મૌન પાળ્યુ હતું |
| ૨ | સ્વ. શ્રી બિપીનભાઇ ઇશ્વરભાઇ શાહ<br>ગુજરાતના પૂર્વ રાજયકક્ષાના મંત્રીશ્રી | ૧૨/૦૭/૨૦૨૪ | ૨૧/૦૮/૨૦૨૪ | સદગત મહાનુભાવને ગૃહમાં જ અંજલી આપ્યા બાદ સભ્યશ્રીઓએ ઉભા થઈને બે મિનિટ મૌન પાળ્યુ હતું |
| ૩ | સ્વ. શ્રી શિવભદ્રસિંહ કૃષ્ણકુમારસિંહજી ગોહિલ<br>ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી | ૩૧/૦૫/૨૦૨૪ | ૨૧/૦૮/૨૦૨૪ | સદગત મહાનુભાવને ગૃહમાં જ અંજલી આપ્યા બાદ સભ્યશ્રીઓએ ઉભા થઈને બે મિનિટ મૌન પાળ્યુ હતું |
| ૪ | સ્વ. શ્રી રત્નાભાઇ મનજીભાઇ ઠુંમર<br>ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી | ૧૨/૦૫/૨૦૨૪ | ૨૧/૦૮/૨૦૨૪ | સદગત મહાનુભાવને ગૃહમાં જ અંજલી આપ્યા બાદ સભ્યશ્રીઓએ ઉભા થઈને બે મિનિટ મૌન પાળ્યુ હતું |
| ૫ | સ્વ. શ્રી રામસિંહજી રૂપસિંહજી સોલંકી<br>ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી | ૦૩/૦૮/૨૦૨૪ | ૨૧/૦૮/૨૦૨૪ | સદગત મહાનુભાવને ગૃહમાં જ અંજલી આપ્યા બાદ સભ્યશ્રીઓએ ઉભા થઈને બે મિનિટ મૌન પાળ્યુ હતું |
| ૬ | સ્વ. શ્રી નંદકિશોર ત્રંબકલાલ દવે<br>ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી | ૧૫/૦૩/૨૦૨૪ | ૨૧/૦૮/૨૦૨૪ | સદગત મહાનુભાવને ગૃહમાં જ અંજલી આપ્યા બાદ સભ્યશ્રીઓએ ઉભા થઈને બે મિનિટ મૌન પાળ્યુ હતું |
| ૭ | સ્વ. શ્રી ખુરશીદહૈદર અબ્દુલમુત્તલીબ પીરઝાદા<br>ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી | ૦૯/૦૩/૨૦૨૪ | ૨૧/૦૮/૨૦૨૪ | સદગત મહાનુભાવને ગૃહમાં જ અંજલી આપ્યા બાદ સભ્યશ્રીઓએ ઉભા થઈને બે મિનિટ મૌન પાળ્યુ હતું |
| ૮ | સ્વ. શ્રી સામતભાઇ આલાભાઇ રાઠોડ<br>ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી | ૦૪/૦૩/૨૦૨૪ | ૨૧/૦૮/૨૦૨૪ | સદગત મહાનુભાવને ગૃહમાં જ અંજલી આપ્યા બાદ સભ્યશ્રીઓએ ઉભા થઈને બે મિનિટ મૌન પાળ્યુ હતું |
| ૯ | સ્વ. શ્રી કરશનભાઇ દુલાભાઇ ઓડેદરા<br>ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી | ૦૪/૦૫/૨૦૨૪ | ૨૧/૦૮/૨૦૨૪ | સદગત મહાનુભાવને ગૃહમાં જ અંજલી આપ્યા બાદ સભ્યશ્રીઓએ ઉભા થઈને બે મિનિટ મૌન પાળ્યુ હતું |

----------

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.